Regd No. MCS/023/2021-23 RNI No 1559/1957
A1
૯૦ સ્થાપના:૧૯૩૪
જન્મભૂમિ
જન્મદિન વિશેષ પૂર્તિ
મુંબઈ, શુક્રવાર, તા. ૯-૬-૨૦૨૩

Mumbai is upgrading

# લવ MUMBAI મુંબઈ બદલાય છે...



# વિકાસનું દૂષણ : પ્રદૂષણ



કોવિડ-૧૯ની વિદાય પછી મહાનગર મુંબઈમાં વિકાસ વેગવાન બની રહ્યો છે. સમગ્ર મુંબઈ નવી મુંબઈમાં બદલાઈ, પલટાઈ રહ્યું છે. સમય સાથે પરિવર્તન અનિવાર્ય છે પણ પરિવર્તન નિયંત્રિત, નિયમ આધારિત હોવું જોઈએ. અલબત્ત્ નિયમો તો છે પણ તેનો અમલ થાય તે જરૂરી છે. વિકાસ સર્વસમાવિષ્ટ હોવો જોઈએ. છૂટછાટ અને છટકબારીઓનાં 'દૂષણ' પ્રવેશ પામે નહીં તે જોવું જોઈએ : અને એમ થાય નહીં

**કુન્દન વ્યાસ**

ત્યારે પ્રદૂષણ એક મહામારીની જેમ વિકાસ ઉપર હાવી થઈ જાય છે. વિકાસ યાત્રામાં આ મહત્ત્વની સાવધાની અનિવાર્ય છે.

આજ-કાલ મુંબઈ ઝળાહળાં છે! ઝગમગાટ છે. માર્ગો ઉપર, વૃક્ષો ઉપર ઝુમ્મરની જેમ તોરણ લટકે છે. દિવાળી કે નૂતન વર્ષની રોશની બે-ચાર દિવસ હોય - પણ જી-૨૦ના કારણે મુંબઈએ શણગાર સજ્યા છે. જી-૨૦ની પરિષદ ઊર્જા અને પર્યાવરણ સંબંધિત છે - અને આપણે ઊર્જાનું પ્રદર્શન કરીએ છીએ કે વ્યય? કેટલાક મુંબઈકરોએ અદાલતમાં અરજી કરી છે : એલઈડી દ્વારા મુંબઈનો ચેહરો કદરૂપ થતો રોકો! આ પ્રકાશ - પ્રદૂષણ છે. પક્ષીઓ અને જીવજંતુ માટે ઘાતક છે. પર્યાવરણ માટે નુકસાનકારક છે.

મુંબઈના સુશોભિકીકરણ અભિયાન હેઠળ શહેરના ૨૪ વિભાગ-વૉર્ડમાં ૧૧૭૫ કામ હાથ ધરાયાં છે તેમાંના ૮૪૨ પૂર્ણ થયાં છે. કુલ ખર્ચ ૧૭૦૫ કરોડ રૂપિયા.

પ્રશ્ન એ છે કે સુશોભન પહેલાં સ્થાનિક રહેવાસીઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા-વિચારણા કરવી જોઈએ. લોકોનાં સુખ-સગવડ, સ્વચ્છતા ઉપર ભાર મૂકવો જોઈએ.

સુશોભન નયનરમ્ય લાગે, પણ આંખ આંજી નાખે, ખૂંચે એવું નહીં હોવું જોઈએ - આ વાતમાં વજૂદ છે.

આજે સ્થિતિ એવી છે કે મુંબઈ-સુધરાઈમાં મુંબઈના આયોજન અને અમલની જવાબદારી અલગ અલગ વિભાગને આપવામાં આવી છે જેમ કે હાઉસિંગ માટે મ્હાડા, સ્લમ પુનર્વસવાટ, એસઆરએ, ઔદ્યોગિક વિકાસ માટે - એમઆઈડીસી અને બૃહનમુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશન. - વાસ્તવમાં મુંબઈના વિકાસ આયોજન માટે એક જ બીએમસીની જવાબદારી હોવી જોઈએ - સત્તાના વિકેન્દ્રીકરણની જરૂર નથી. ઉપરાંત નાગરિકોના અભિપ્રાય અને અનુભવ જાણવા માટે વિભાગવાર સમિતિઓ હતી તેમાં સુધારા કરીને કાર્યરત કરવાની જરૂર છે.


મુંબઈમાં આજે હવામાનનું પ્રદૂષણ મુખ્ય સમસ્યા છે. આ માટે મુખ્ય કારણ બાંધકામ - ઈમારતોનું નિર્માણ છે. મહાનગરને વિશાળ સમુદ્રકિનારાનો કુદરતી લાભ છે. શુદ્ધ હવા-માનની ભેટ મળી છે છતાં આ સમસ્યા ઉદ્ભવી છે. મુંબઈની વસતિ વધતી જાય છે. રોટલો મળે પણ ઓટલો નહીં - એ વાત હવે વીસરાઈ ગઈ છે. છતાં 'ઓટલો' - ઘરનું ઘર - સૌ માટે આસાન નથી. આ સંજોગોમાં મુંબઈ માટે આકાશને આંબવા સિવાય વિકલ્પ નથી. તેથી બીએમસી - બૃહન મુંબઈ કૉર્પોરેશને છેલ્લા એક વર્ષમાં ૨૫૦૦ રિયલ એસ્ટેટ - રહેઠાણ યોજનાઓના નિર્માણની મંજૂરી આપી છે. આ ઉપરાંત કોસ્ટલ રોડ, મેટ્રો, જાહેર માર્ગો, સૈકા જૂના પુલ તોડીને નવનિર્માણને મંજૂરી અપાઈ છે. સમગ્ર શહેર અને પરાંવિસ્તાર - સાપની જેમ જૂની કાંચળી ઉતારીને નવા અવતારમાં આવતો હોય એવું દૃશ્ય છે.

ઉગતા વિકાસને ધૂળ - પ્રદૂષણનું ગ્રહણ પણ લાગ્યું છે. હવા-માનની ગુણવત્તા ઘટી છે અને વરિષ્ઠ નાગરિકોને મહામારી પછી પણ ફેફસાં રુંધાવાની - શ્વાસની ફરિયાદો વધી છે. બાંધકામ થતાં હોય તે વિસ્તારોમાં લોકો બારી-બારણાં ખોલી શકતાં નથી એવી ફરિયાદમાં અતિશયોક્તિ નથી. એનજીઓ - 'પ્રજા'ના અહેવાલ મુજબ બીએમસીને વર્ષ ૨૦૨૧માં ૯૦,૨૫૦ ફરિયાદો મળી હતી જે ૨૦૨૨માં વધીને એક લાખ ચાર હજાર થઈ હતી. વાયુ - હવામાન પ્રદૂષણની ફરિયાદ સંખ્યામાં એક દશકમાં લગભગ પાંચગણો વધારો થયો છે. ઘન-સોલીડ વેસ્ટ-કચરો, ગટર વ્યવસ્થા, અશુદ્ધ પાણી બાબતની ફરિયાદો સતત વધતી રહી છે.

હવામાન અંગે ગયા વર્ષે મુંબઈ ક્લાઈમેટ એક્શન પ્લાન પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો પણ તે મુજબ હજુ કામગીરી થઈ નથી. 'પ્રજા' ફાઉન્ડેશનના સીઈઓ મિલિંદ મ્હસ્કેના જણાવવા મુજબ મુંબઈએ એક્શન પ્લાન રજૂ કર્યો છે એવા પ્લાન દેશના અન્ય કોઈ શહેરમાં થયા નથી. મુંબઈએ સારી શરૂઆત કરી છે - બીએમસીએ આ માર્ગે કામ એક વર્ષ પહેલાં જ શરૂ કરવાની જરૂર હતી. સ્વચ્છ ભારત નિર્માણ માટે સુધરાઈએ સત્તા અને કામગીરીનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ.

બાંધકામના વિસ્તારોમાં ધૂળના ઢગલા અને હવામાં રજકરણ વધ્યાં હોવાથી - તેની સામે પ્રતીકારાત્મક પગલાં સૂચવાયાં છે અને કૉન્ટ્રાક્ટરો - બીલ્ડરોને 'પેનલ્ટી' - નુકસાની ભરપાઈ કરવાના આદેશ અપાઈ રહ્યા છે. મકાન - બાંધકામ હોય ત્યાં ધૂળ પ્રતિરોધક 'પરદા'ની જોગવાઈ ફરજિયાત છે.

હવામાન - પ્રદૂષણ ઉપરાંત મહાનગરની બીજી ગંભીર સમસ્યા - ઓપન સ્પેસ - ખુલ્લાં મેદાનો ઓછાં થઈ રહ્યાં તેની છે. મેદાનોના નિયમોમાં છૂટછાટ આપીને મકાન બંધાય છે, આરે કૉલોનીમાં મેટ્રો-શેડ, દક્ષિણ મુંબઈમાં મેટ્રો સ્ટેશનો, મહાલક્ષ્મી રેસકોર્સમાં મનોરંજન પાર્કની યોજના, પરાંવિસ્તારમાં પણ મેદાનો સંકોચાઈ રહ્યાં છે કે લુપ્ત થઈ રહ્યાં છે. આ સ્થિતિ ચિંતાકારક છે. મેદાન-માં થતાં અતિક્રમણનો વિરોધ કરનારા વિકાસ-વિરોધીઓ છે એવા આક્ષેપ થાય તે શહેરની કમનસીબી છે. વાસ્તવમાં સમૃદ્ધ વિસ્તારો અને ધનિક લોકોની સગવડ ખાતર મધ્યમ અને ગરીબ વર્ગનાં હિત અને હક છીનવાઈ રહ્યાં છે. રમત-ગમત ખેલકૂદનાં મેદાનો ભૂલીને હવે જીમકલ્ચર વિકસ્યું છે જ્યારે સામાન્ય નાગરિકોના બાળક મોડી રાતે ગલીઓ અને જાહેર માર્ગોને વિકલ્પ - બનાવે છે! કાર પાર્કિંગ માટે જગા ફાળવાય છે પણ ખેદકૂદ - સ્પોર્ટ્સને પ્રાધાન્ય મળતું નથી.



વિકાસના નામે ઓપન - સ્પેસનો ભોગ લેવાય છે ત્યારે વિશ્વનાં અન્ય મહાનગરોમાં ઓપન - સ્પેસ 'અનામત' રાખવાના નિયમો છે. લંડનમાં-૩૩ ટકા, ન્યૂ યૉર્કમાં-૨૭, હૉંગકૉંગ-૪૦ અને સિંગાપોરમાં ૪૭ ટકા ઓપન સ્પેસ છે જ્યારે મુંબઈમાં માત્ર ૨.૫ ટકા! (આ માહિતી મુંબઈના બૉમ્બે ગ્રીનવેના સહસ્થાપક આર્કિટેક્ટ અલાન અબ્રહામે આપી છે)

મુંબઈના સદ્ભાગ્ય છે કે ભાસ્કર સાવંત જેવા નાગરિક 'મેદાનમાં' છે! છેલ્લાં ૪૫ વર્ષ દરમિયાન એમણે 'મેદાન બચાવો સમિતિ' બનાવીને ૧૫ મેદાન બચાવ્યાં છે જેમાં પરેલ, મલબારહિલ અને પ્રભાદેવી ખાતેના મેદાનનો સમાવેશ થાય છે.

હવે બીએમસી જાગી છે! ૧૧૦૦ મેદાન ઓપન સ્પેસ જાળવવાનો નિર્ણય લેવાયો છે. ઉપરાંત જાપાનીસ ટેક્નિકના 'મિયાવાકી' શહેરી વન-જંગલ વિકસાવવાનો પ્લાન છે. આવાં ૧૪ જંગલમાં ૮૦,૪૦૦ વૃક્ષો ઉગાડાશે. ખાનગીક્ષેત્રના નાણાકીય અનુદાનથી ચાંદીવલીના નાહર અમૃતશક્તિ ઉદ્યાનમાં ૧૩ એકર વિસ્તારમાં ૪૧ હજાર વૃક્ષો ઉછેરાઈ રહ્યાં છે.

બીએમસીના વૃક્ષ ગણતરી રિપોર્ટ અનુસાર મુંબઈમાં કુલ ૨૯,૭૫,૨૩૮ વૃક્ષ છે. આ વર્ષે ફરીથી ગણતરી - થનાર છે. વર્ષ ૨૦૧૯માં કોલાબા ખાતે પ્રથમ મિયાવાકી ગાર્ડન શરૂ થયું હતું. આશા રાખીએ કે મુંબઈના કોંક્રીટ જંગલોમાં હરિયાળી પણ ફૂલે-ફાલે.

Celebrating our Past,
Inspiring our Future




A beautiful journey of 90 Years
of Vandevi Hing with Janmabhoomi

VANDEVI® Bandhani Hing
VAIDEHI® Bandhani Hing

Manufactured and Packed by
Sargam Food Pvt. Ltd. Mahendra Thakkar
Group Company Importers & Exporters

# વંદે ભારત મેટ્રો લોકલ ટ્રેન માટે તૈયાર રહેજો

## પશ્ચિમ રેલવે વૈકલ્પિક ઊર્જા પર આપી રહી છે ભાર

વિરલ વ્યાસ

મુંબઈગરાંઓની લાઇફલાઇન ગણાતી ઉપનગરીય લોકલ ટ્રેન સેવાનાં સતત સુધારા થઇ રહ્યા છે. હાલ પશ્ચિમ રેલવેની વાત કરીએ તો તે વેગવાન બનવા તરફ અગ્રેસર છે. સમયાનુસાર ટ્રેનો દોડે એ માટે પશ્ચિમ રેલવે તમામ પ્રયાસો કરી રહી છે. પ્રવાસીઓની સુવિધા માટે તેમ જ ટ્રેનોની ચોક્કસ માહિતી મેળવવા માટે યાત્રી એપ શરૂ કરવામાં આવી છે. નવા અનુભવો સાથે પ્રવાસ કરવાની તક આપી રહી છે. જેનું તાદ્દશ ઉદાહરણ 'વંદે ભારત સુપરફાસ્ટ એક્સપ્રેસ' ટ્રેન છે. આ ટ્રેન આવ્યા બાદ પ્રવાસીઓને તમામ શહેરો નજીક લાગવા માંડયા છે. પ્રવાસના કલાકો અને અંતર ઘટી જતા લોકો હવે આ ટ્રેનને બુકિંગ કરવા પ્રાથમિકતા આપવા માંડયા છે. આ ટ્રેન આવ્યા બાદ પ્રવાસીઓ પશ્ચિમ રેલવેથી આવી વધુ ટ્રેનોની અને જૂની ટ્રેનોને આ ટ્રેન સાથે રિપ્લેસ કરવાની માગણી કરી રહ્યા છે.

આ ઉપરાંત પશ્ચિમ રેલવેએ હવે ગ્રીન એનર્જી ઉપર ભાર મુકતા કેટલાક સ્ટેશનોની બહાર પવનચક્કી અને કેટલાક સ્ટેશનોની ઈમારતોના છાપરા ઉપર સોલાર પેનલો મૂકી વીજ ઉત્પાદન કરવાનું શરૂ કર્યું છે.

મુંબઈમાં પશ્ચિમ રેલવેને વેગવાન બનાવવાના અમારા પ્રયાસ ચાલી રહ્યાં છે. પશ્ચિમ રેલવેએ માળખાકીય સુવિધાની સાથે એસી લોકલ ટ્રેનની પણ શરૂઆત કરી છે. હાલ ૭૯ એસી લોકલ ટ્રેન પશ્ચિમ રેલવેમાં દોડી રહી છે. વર્તમાન સમયમાં તમામ લોકલ ટ્રેનોને વંદે ભારત મેટ્રો લોકલ ટ્રેનોમાં રૂપાંતર કરી દોડાવવાનું વિચારાધીન હોવાનું જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ જણાવ્યું હતું. જેને માટે ૨૩૮ રેકોનો ઓર્ડર અપાયો છે. પશ્ચિમ રેલવેના કેટલાક સ્ટેશનોનું નૂતનીકરણ થઇ રહ્યું છે. વીજ ઉત્પાદન માટે ખાર સ્ટેશને મિનિ વિન્ડમિલ્સ (પવનચક્કી)નો પ્રયોગ કરાયો છે. આ પ્રયોગ સફળ થયા બાદ તેને પશ્ચિમ રેલવેના તમામ સ્ટેશનોએ મૂકવાનું વિચારાધીન છે. પ્રવાસીઓની સુવિધા અને ટ્રેનોની સમયબદ્ધતાનું વિશેષ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. હાલની તમામ લોકલ ટ્રેનોમાં જીપીએસ ટ્રેક મૂકી દેવાયા છે. યાત્રી એપના માધ્યમથી પ્રવાસીઓ હવે ટ્રેનોના લાઇવ લોકેશનો જાણી શકે છે. સ્ટેશનો ઉપરાંત ટ્રેકને પણ વંદે લોકલ માટે સુસજ્જ રાખવા માટે તબક્કાવાર ફેરફાર કરાશે. પશ્ચિમ રેલવેમાં ૧૦૦ ટકા વિદ્યુતિકરણ થઇ ગયું છે, એટલે તમામ ટ્રેનો ઇલેક્ટ્રિક થઇ ગઇ છે. પ્રવાસીઓને આરામદાયક પ્રવાસ અને વધુ માળખાકીય સુવિધાઓ આપવાના પ્રયાસો શરૂ કર્યા છે, એમ સક્સેનાએ વધુમાં જણાવ્યું હતું.

### વંદે ભારત મેટ્રો

મુંબઈ રેલવે વિકાસ કૉર્પોરેશન (એમઆરવીસી)ના અધિકારી અનુસાર રેલવે બોર્ડ તરફથી મંજૂરી મળ્યા બાદ ટૂંક સમયમાં જ લોકલ ટ્રેનોને વંદે ભારત મેટ્રો સાથે બદલવામાં આવશે. મુંબઈમાં રૂા. ૨૦ હજાર કરોડના ખર્ચે ૨૩૮ રેકનો ઓર્ડર અપાયો છે. હાલ તેની ડિઝાઇન અને તમામ વાતોની તપાસ ચાલી રહી છે. આ ટ્રેનોની તપાસ, પરીક્ષણ સહિતની બાબતો વિચારાધીન હોવાનું જનસંપર્ક અધિકારીએ જણાવ્યું હતું. કેન્દ્રીય રેલવેપ્રધાન અશ્વિની વૈષ્ણવે ૧૫મી મેએ મુંબઈમાં રેલવેના ઉચ્ચ સ્તરીય અધિકારીઓની બેઠકમાં ૨૩૮ રેકને મંજૂરી આપી હતી. વર્તમાન ઉપનગરીય નેટવર્કમાં જુદાં જુદાં રેલવે પ્રકલ્પો ઉમેરવા ઉપરાંત એમયુટીપી - ૩ અને ૩એ માટે અનુક્રમે ૪૭ અને ૧૯૧ એસી ટ્રેનો લાવવાનું અગત્યનું છે.

વંદે મેટ્રો ખરીદવાની મંજૂરી મળી છે હવે તમામ પ્રક્રિયાઓ હાથ ધરાશે. એમઆરવીસીએ વંદે મેટ્રો લોકલ ટ્રેનના ભિવપુરી (કર્જત) અને વાણગાંવ (દહાણુ) ખાતે બે ડેપોના નિર્માણને મંજૂરી આપી છે. વંદે ભારત મેટ્રો લોકલ ટ્રેનની જાહેરાત હાલમાં રજૂ થયેલા બજેટમાં કરાઇ હતી. આ ટ્રેનો મેક ઇન ઇન્ડિયા હેઠળ બનાવાશે. લોકલના પ્રવાસીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેની ડિઝાઇન કરાશે. બજેટમાં જાહેરાત થયા બાદ આ ટ્રેનો ઉપર કામ શરૂ થઇ ગયું હતું.

### વીજ ઉત્પાદન માટે મિનિ વિન્ડમિલ્સ (પવનચક્કી)નો પ્રયોગ

શહેરમાં કાર્બનનું પ્રમાણ ઘટાડવા માટે પશ્ચિમ રેલવેએ પહેલીવાર પવન ઊર્જા (વિન્ડ એનર્જી) દ્વારા વીજ ઉત્પાદન કરવાનો પ્રયાસ શરૂ કર્યો છે. આ એક પ્રયોગ હોવાનું પશ્ચિમ રેલવેએ જણાવ્યું છે. ખાર તેમ જ નાયગાંવ સ્ટેશનોની બાજુમાં મિનિ વિન્ડમિલ્સ (પવનચક્કી) મૂકી છે.



પશ્ચિમ રેલવેના અધિકારીએ જણાવ્યું હતું કે અમે પાટાની બાજુમાં પવનચક્કીઓ મૂકી છે. જેવી ટ્રેન પસાર થશે કે તરત ટર્બાઇન બ્લેડસ ફરશે અને વીજ ઉત્પાદન થશે. આ એક પાયલટ પ્રકલ્પ છે અને ચોમાસા દરમિયાન પ્રાયોગિક રીતે કાર્યરત રહેશે. ખાર અને નાયગાંવ સ્ટેશન પાસે ભૂરાં અને સફેદ રંગની બ્લેડ સાથે પાંચ થાંભલા મૂકાયા છે. જ્યારે ટ્રેન પસાર થશે ત્યારે બ્લેડ ફરશે અને વીજ ઉત્પન્ન થશે. આ એક પવનચક્કી એક કિલોવોટથી ૧૦ કિલોવોટ વીજ ઉત્પાદન કરશે. આ પાયલટ પ્રકલ્પ સફળ થયા બાદ વધુ સ્ટેશનોએ તેને મુકાશે. આ ગ્રીન એનર્જીને બાદમાં મુખ્ય ગ્રીડમાં સ્થાનાંતરિત કરાશે. આ ગ્રીન એનર્જી પહેલનો એક ભાગ છે. તમામ પાંચ પવનચક્કીઓ એકસાથે બે કિલોવોટ વીજ ઉત્પન્ન કરશે.

### સ્ટેશનો ઉપર સોલાર પેનલો

પશ્ચિમ રેલવેએ સૌર ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન કરવાની શક્યતાઓ ચકાસી રહી છે. પશ્ચિમ રેલવેના કેટલાક સ્ટેશનોની ઈમારતના છાપરાઓ ઉપર સોલાર પેનલો બેસાડવામાં આવી છે. સોલાર પીવી મોડયુલની ક્ષમતા બે કિલોવોટ પાવરની છે. પશ્ચિમ રેલવેના ૨૪ ઉપનગરીય રેલવે સ્ટેશનો ઉપર બેસાડવામાં આવેલી સોલાર પેનલોથી વાર્ષિક



૭.૫ લાખ યુનિટ વીજ નિર્માણ થયા છે. જેનાથી પશ્ચિમ રેલવેના રૂા. એક કરોડની બચત થાય છે. માટુંગા રેલવે સ્ટેશન ઉપર વર્ષ ૨૦૧૬માં પ્રથમવાર ૪૮ સોલાર પેનલો બેસાડવામાં આવી હતી. હાલના સમયમાં સોલાર પેનલો ૭૫,૫૩,૧૭૮ યુનિટ વીજ નિર્માણ કરે છે. સોલાર પ્લાન્ટસ ૬,૬૩૫ કિલોવોટ કલાકની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. પશ્ચિમ રેલવેના ૯૭ સ્ટેશનો ઉપર પ્લાન્ટ મૂકી દેવાયા છે. જેમાંના ૪૬ પશ્ચિમ રેલવેની ઑફિસ ઉપર મૂકાયેલી પેનલોથી ૩,૯૨૦.૪૮ કિલોવોટ વીજ નિર્માણ થાય છે. અત્યારે મુંબઈ ઝોનમાં ચર્ચગેટ, ગ્રાંટ રોડ, લોઅર પરેલ, દાદર, મુંબઈ સેન્ટ્રલ, માટુંગા, અંધેરી, માહિમ, ખાર રોડ, જોગેશ્વરી, ગોરેગાંવ, માલાડ, સાંતાક્રુઝ, કાંદિવલી, રામ મંદિર, બોરીવલી, મીરા રોડ, નાયગાંવ, ભાયંદર, વસઇ રોડ, નાલાસોપારા અને દહાણુ રોડ સ્ટેશન ઉપર સોલાર પેનલો મૂકવામાં આવી છે.

### મુંબઈના સાત રેલવે સ્ટેશનોને નવો ઓપ અપાશે



અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળના પહેલા તબક્કામાં પશ્ચિમ રેલવે મુંબઈ ઉપનગરીય નેટવર્કના સાત સ્ટેશનોનું નૂતનીકરણ કરશે. આ સાત સ્ટેશનોમાં ચર્ની રોડ, ગ્રાન્ટ રોડ, જોગેશ્વરી, મરીન લાઇન્સ, મલાડ, લોઅર પરેલ અને પ્રભાદેવીનો સમાવેશ થાય છે. આ સાત સ્ટેશનોને રૂા. ૫૦ કરોડના ખર્ચે અપગ્રેડ કરાશે. પશ્ચિમ રેલવેના અધિકારીઓએ જણાવ્યું હતું કે સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓને ૨૦થી ૨૫ ખંડમાં વિભાજિત કરાયા છે, જેના આધારે તમામ વ્યવસ્થાને ચકાસીને સ્ટેશનોને પ્રાથમિકતા આપવામાં આવશે. આ સ્ટેશનો ઉપર મૂકાનારી સુવિધાઓમાં જળ નિકાસી વ્યવસ્થા, રસ્તા અને પરિસંચાલન ક્ષેત્ર, સરહદો, પ્રવેશદ્વાર, પ્લૅટફૉર્મ, વૃક્ષારોપણ, શૌચાલયો, શૌચાલયોની સફાઇ, સ્ટેશન પરિસરમાં પાણીની વ્યવસ્થા માટે વોટર કુલર, બેન્ચ, બુકિંગ કાર્યાલય, એફઓબી, પ્લૅટફૉર્મની રેલિંગ, ડિઝાઇન, રેસ્ટ રૂમનો સમાવેશ થાય છે. આ નૂતનીકરણને છથી આઠ મહિના જેટલો સમય થશે. આ ઉપરાંત પશ્ચિમ રેલવેના અધિકારીઓએ ૧૭ સ્ટેશનો ઉપર ૧૨ મીટર લાંબા ફૂટ ઓવરબ્રિજના નિર્માણના પ્રસ્તાવ રેલવે બોર્ડ સમક્ષ મૂક્યા છે, જે પ્રલંબિત છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પશ્ચિમ રેલવેમાં ૪૦ એફઓબીના બાંધકામ થયા છે.

### માળખાકીય સુવિધા

માળખાકીય સુવિધાની વાત કરીએ તો પશ્ચિમ રેલવેએ વર્ષ દરમિયાન મે મહિના સુધીમાં ૨૭.૩૦ કિમી લાંબી લાઇન તૈયાર કરી છે. ડબલિંગ લાઇનનું કામ ૨૮૧.૧૩ કિ.મી. પૂર્ણ થયું છે. તેમ જ ગેજ કન્વર્જનનું ૬૨.૧૧ કિ.મી. કામ પૂર્ણ થયુ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન નવી લાઇન, ગેજ કન્વર્ઝન અને ડબલિંગ એમ ત્રણ લાઇનોનું કુલ ૩૭૦.૫૪ કિ.મી. કામ પૂર્ણ થયું છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૨-૨૩માં પશ્ચિમ રેલવેમાં સંપૂર્ણ ૧૦૦ ટકા વિદ્યુતિકરણનું કામ થઇ ગયુ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં યાર્ડ રિમોડલિંગના ૮૨ કામ પૂર્ણ થયા છે. ઇઆઇ કમિશનના ૪૯, જીસીટીના પાંચ, નવા રેલવે ગુડસ શેડના બે અને ખાનગી રેલ કનેક્ટિવિટીના બે કામ પૂર્ણ થયા છે. ટિકિટ ચેકિંગ કરીને વર્ષ દરમિયાન રૂા. ૧૭૦.૦૫ કરોડની આવક ઊભી થઇ છે જે ગયા વર્ષની તુલનાએ ૪૯.૭૩ ટકા વધુ છે. ઇલેક્ટ્રિક લોકો હોલ્ડિંગની વાત કરીએ તો વર્ષ ૨૦૨૨-૨૩માં પશ્ચિમ રેલવે પાસે ૧૦૮ થ્રી ફેઝ ઇલેક્ટ્રિક લોકોમોટિવ છે, એવરેજ ઇલેક્ટ્રિક લોકો હોલ્ડિંગ ૫૮૮ છે જે ગયા વર્ષની તુલનાએ ૧૭.૨ ટકા વધુ છે.


### માલવાહક ટ્રેનોથી આવક

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પશ્ચિમ રેલવેએ ૧૦૮.૦૮ મેટ્રિક ટન માલનું પરિવહન કરીને ૧૪,૮૧૯.૮૦ કરોડની આવક ભેગી કરી છે. જે ગયા વર્ષની તુલનાએ ૨૨.૯ ટકા વધુ છે. ૩૧મી માર્ચે એક જ દિવસમાં ૬૦.૪૧ કરોડની આવક મેળવી છે. આ ઉપરાંત નોન ફેર રેવન્યુ એટલે કે જાહેરાતો, હોર્ડિંગ્સ, ડિજીટલ જાહેરાતો મળીને રૂા. ૭૭.૩૨ કરોડની આવક ઊભી કરી છે. જે ગયા વર્ષની તુલનાએ ૧૬૨.૩૩ ટકા વધુ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન પશ્ચિમ રેલવેએ ૮૭.૯૧ મિલિયન ટન માલનું પરિવહન કરીને ૧૦,૮૫૭.૯૯ કરોડની આવક ભેગી કરી હતી. કન્ટેનર ટ્રાફિકથી સૌથી વધુ રૂા. ૨,૪૨૯.૧૮ કરોડની આવક ઊભી થઇ હતી. વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન પશ્ચિમ રેલવેએ ૮૦.૭૨ મિલિયન ટન માલનું પરિવહન કરીને રૂા. ૧૦,૧૦૫ કરોડની આવક મેળવી હતી. માલ પરિવહન ટ્રેનોની ઝડપ ૨૮.૧ કિલોમીટર પ્રતિ કલાકની જગ્યાએ ૪૧.૮ કિલોમીટર પ્રતિ કલાક કરવામાં આવી છે. ૧૮૪ મિલ્ક ટેન્કર્સ ૧૩.૧૮ કરોડ લિટર દૂધ લઇને દોડે છે. વડોદરા ખાતે ગતિશક્તિ મલ્ટીમોડલ કાર્ગો ટર્મિનલ ઊભું કરાયું છે.

### પ્રવાસીઓની સુવિધા

પશ્ચિમ રેલવેએ ટિકિટોથી આવક અત્યાર સુધીમાં તમામ ઝોનમાં સૌથી વધુ રૂા. ૬,૩૦૦.૫૭ કરોડની ઊભી કરી છે. જે તેમના ટાર્ગેટ કરતા ૯૯.૬૪ ટકા વધુ છે. દર વર્ષે સામાન્ય રીતે રૂા. ૪,૮૨૪.૪૫ કરોડની આવક થતી હોય છે. પ્રવાસીઓની સુરક્ષા રેલવેની પ્રાથમિકતા છે. જાનવરો કે




માણસો ટ્રેક ઉપર અચાનક આવે નહીં એ માટે અમદાવાદ-મુંબઈ વચ્ચે ૧૨૦ કિ.મી.ના રૂટ ઉપર ટ્રેકની આજુબાજુ મેટલ બીમ ફેન્સિંગ મૂકી દેવાયા છે. આ ઉપરાંત ૩૯.૩૦૭ કિમી પીએસસી સંરક્ષિત દિવાલ ઊભી કરી દેવામાં આવી છે.

મુંબઈ સબર્બન સેક્શનમાં ૨૫ ફૂટઓવર બ્રિજ બંધાયા છે. દિવ્યાંગજનોની સુવિધા માટે જુદી જુદી ટ્રેનો મળીને ૫૦ કોચ બેસાડાયા છે. ચાર સ્ટેશનો ઉપર ક્વીક વોટરિંગ પ્લાન્ટસ બેસાડાયા છે. ૨૬ આઇસીએફ રેકને સુરક્ષાની દૃષ્ટિએ એલએચબીમાં પરિવર્તિત કરાયા છે. ૩૭ સ્ટેશનો ઉપર વાઇફાઇ સુવિધાઓ છે. મુંબઈ સબબ સેક્શનમાં મોબાઇલ ટ્રેન રેડિયો કમ્યુનિકેશન મૂકાયા છે. ૨૫ સ્ટેશનો ઉપર વીડિયો સર્વિલિયન્સ સિસ્ટમ અને ઇન્ટિગ્રેટેડ સિક્યોરિટી સિસ્ટમ મૂકાઇ છે. પશ્ચિમ રેલવેમાં ૧૯ ગતિરોધકો હટાવી દેવાયા છે. બાન્દ્રા અને ખાર પાસે કાયમી ધોરણે ગતિ અવરોધ યંત્રણાને હટાવી દેવામાં આવી છે. ૨૩ રેલ ઓવરબ્રિજ બનીને તૈયાર છે. ૮૧ રેલ અન્ડરબ્રિજ બનીને તૈયાર થયા છે.

# મધ્ય રેલવેનાં સ્ટેશનો પર જોવા મળશે વર્ટિકલ ગાર્ડન

મુંબઈ શહેરમાં અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ૩૨ સ્ટેશનોની પસંદગી થઇ છે. મધ્ય રેલવેએ વર્ટિકલ ગાર્ડન વિકસિત કરવા મુખ્ય અને પોર્ટ બંને લાઇનો ઉપર ઓછામાં ઓછાં ૧૫ રેલવે સ્ટેશનોની ઓળખ કરી છે. આ વર્ટિકલ અને હોર્ટિકલ્ચર ગાર્ડન કોન્કોર્સમાં અને તેની આસપાસ બનાવાશે.

વર્ટિકલ ગાર્ડન માટે સેન્ડહર્સ્ટ રોડ, વડાલા, કુર્લા, પરેલ, માટુંગા, દિવા, મુંબ્રા, શાહદ, ટિટવાળા, ઇગતપુરી, ચિંચપોકલી, કાંજુર માર્ગ, વિક્રોલી, ભાયખલા અને વિદ્યા વિહાર સ્ટેશનોની પસંદગી થઇ છે.



આ યોજનામાં સ્ટેશનોના પરિસરમાં સુધાર, સ્ટેશનોની બંને બાજુ, ટ્રેકના બંને કિનારાઓના નૂતનીકરણ, સ્ટેશનને એકીકૃત કરવા, દિવ્યાંગજન માટે સુવિધા, પર્યાવરણ અનુકૂળ બેઠકો, રૂફ પ્લાઝા, શૌચાલયોનો સમાવેશ થાય છે.

મધ્ય રેલવેએ વર્ષ ૨૦૩૦ સુધીમાં સંપૂર્ણ પર્યાવરણ પૂરક બનવાનો નિર્ણય લીધો છે. હાલ સૌથી વધુ પવનચક્કી થકી તે વીજ મેળવી રહ્યું છે. આ ઉપરાંત સ્ટેશનોના રૂફટોપ ઉપર સોલાર પૅનલોથી ગ્રીન એનર્જી મેળવી રહ્યું છે.

હાલમાં જ મધ્ય રેલવેએ મેઇનલાઇન ઉપર ૬૪ એસી લોકલ ટ્રેનો શરૂ કરી છે જેને પ્રવાસીઓનો બહોળો પ્રતિસાદ મળ્યો છે. આ ઉપરાંત ભાયખલા રેલવે સ્ટેશનનું નૂતનીકરણ, થાણે અને દિવા વચ્ચે પાંચમી અને છઠ્ઠી લાઇનનો શુભારંભ, સ્ટેશનોના આધુનિકીકરણ જેમાં એસ્કેલેટર બેસાડવા, હાઇસ્પીડ પંખા મૂકવા, જંક્શન અને મહત્ત્વનાં સ્ટેશનોએ લિફ્ટની સુવિધા, નવા ફૂટઓવર બ્રિજ, રેલ ઓવર બ્રિજનો સમાવેશ થાય છે. મધ્ય રેલવે યુડીએમ મારફત ઑનલાઇન પેમેન્ટ સેવામાં બીજા નંબરે આવે છે. હાલ ટિકિટ તપાસણી માટે મધ્ય રેલવેમાં ટીસી (ટિકિટચેકર)ઓને બોડી કેમેરા આપવામાં આવ્યા છે. તેમ જ ઑનલાઇન દંડ ભરવાની સુવિધા પણ પ્રવાસીઓને આપવામાં આવી છે. ટ્રેનોની ચોક્કસ માહિતી મેળવવા માટે યાત્રી ઍપ શરૂ કરવામાં આવી છે. મધ્ય રેલવેએ ૯૦ રોડ ઓવર અને અન્ડર બ્રિજ શરૂ કર્યા છે. જેમાં મુંબઈ ડિવિઝનમાં છનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શિરડી અને સોલાપુર માટે સીએસએમટીથી વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી છે. જેને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. હવે મુંબઇ-ગોવા વંદે ભારત ટ્રેન જૂન મહિનાથી શરૂ થયા બાદ પ્રવાસીઓ બાર કલાકની જગ્યાએ માત્ર સાત કલાકમાં ગોવા પહોંચી શકશે.

મધ્ય રેલવે વતી જનસંપર્ક અધિકારી એ. કે. જૈનએ જણાવ્યું હતું કે મધ્ય રેલવેએ ૬૪ નવી એસી લોકલ ટ્રેનો શરૂ કરી છે. પ્રવાસીઓના આરામદાયક પ્રવાસ માટે માથેરાન ટોય ટ્રેન ઉપરાંત કેટલીક એક્સપ્રેસ ટ્રેનોમાં વિસ્ટાડોમ કોચ, એલઇડી લાઇટસ, જીપીએસ આધારિત ઇન્ફો સિસ્ટમ, મલ્ટિપલ ટેલિવિઝન સ્ક્રીન્સ, ઑટોમેટિક સ્લાઇડિંગ ડોર્સ, મુંબઈ પુણે ડેક્કન એક્સપ્રેસ અને ડેક્કન ક્વીનમાં દિવ્યાંગ શૌચાલયો બનાવાયાં હતાં. મધ્ય રેલવેનાં સ્ટેશનો ઉપર ૨૦ લિફ્ટ, ૨૦ એસ્કેલેટરો અને ૨૮ એફઓબી મુકાયાં હતાં. સીએસએમટી મુંબઈ અને નાગપુરમાં રેસ્ટોરાં ઑન વ્હીલ શરૂ કરવામાં આવી છે.

### રૂા. ૧૮ હજાર કરોડના ખર્ચે વર્લ્ડ હેરિટેજ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસનું નૂતનીકરણ

હાલના કેન્દ્રીય રેલવેપ્રધાન અશ્વિની વૈષ્ણવે રૂા. ૧૮ હજાર કરોડના ખર્ચે વર્લ્ડ હેરિટેજ ઈમારત એવા છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસના નૂતનીકરણને મંજૂરી આપી દીધી છે. થોડાં જ વર્ષમાં ઐતિહાસિક ઈમારતને નવો ઓપ આપી દેવામાં આવશે.


છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ ભારતનું પહેલું સ્ટેશન છે જેને આઇજીબીસી ગોલ્ડ પ્રમાણપત્ર મળ્યું છે. મધ્ય રેલવેમાં હાલ ૮૭ ઇકો સ્માર્ટ સ્ટેશનો છે. ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં ૮૭ ટકા સ્ટેશનોને ઇકો સ્માર્ટ સ્ટેશનનું આઇએસઓ પ્રમાણપત્ર મળ્યું છે.

### વિસ્ટાડોમ કોચનું પ્રવાસીઓમાં આકર્ષણ

મધ્ય રેલવેમાં વિસ્ટાડોમ કોચ (પારદર્શક કાચ ડબો) જોડાયેલી એક્સપ્રેસને પ્રવાસીઓનો બહોળો પ્રતિસાદ મળ્યો છે. ગત છ મહિનામાં છ એક્સપ્રેસ ટ્રેનોના વિસ્ટાડોમ કોચથી ૬૬ હજાર પ્રવાસીઓએ પ્રવાસ માણ્યો હતો. મધ્ય રેલવેને વિસ્ટાડોમ કોચથી રૂા. ૮.૪૧ કરોડની આવક મળી છે.

મધ્ય રેલવેમાં મુંબઈ-મડગાવ જનશતાબ્દી એક્સપ્રેસ અને તેજસ, મુંબઈ-પુણે રૂટ ઉપર પ્રગતિ, ડેક્કન ક્વીન, ડેક્કન એક્સપ્રેસ, પુણે-સિકંદરાબાદ શતાબ્દી એક્સપ્રેસમાં વિસ્ટાડોમ ડબો જોડાયેલો છે.





પ્રવાસીઓ મુંબઈ-ગોવા માર્ગ ઉપર ડેમ, વૉટરફોલ, નદી કે મુંબઈ-પુણે રૂટમાં વચ્ચે આવતા પશ્ચિમ ઘાટનો આકર્ષક નજારો લાંબા પારદર્શક કાચની બારીઓમાંથી માણી શકે છે. નવેમ્બર ૨૦૨૨થી એપ્રિલ ૨૦૨૩ એમ છ મહિનામાં લગભગ ૬૬ હજાર પ્રવાસીઓએ આ કોચમાં પ્રવાસ કર્યો હતો જેનાથી મધ્ય રેલવેને રૂા. આઠ કરોડ ૪૧ લાખની આવક થઇ હતી. મધ્ય રેલવેમાં મુંબઈ-મડગાવ જનશતાબ્દી એક્સપ્રેસમાં વર્ષ ૨૦૧૮માં સૌથી પહેલાં વિસ્ટાડોમ કોચ જોડાયો હતો.

### માલવાહક ટ્રેનોથી આવક

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન મધ્ય રેલવેએ ૮૧.૮૮ મેટ્રિક ટન માલનું પરિવહન કરીને ૮૪૩૮.૮૩ કરોડની આવક ભેગી કરી છે. જે ગયા વર્ષની તુલનાએ ૧૫.૧ ટકા વધુ છે. માર્ચ મહિનામાં ૮.૭૦ મિલિયન ટન માલ પરિવહન કર્યું હતું. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ફ્રેટ આવક રૂા. ૭૩૨૯.૪૦ કરોડ રૂપિયા નોંધાઈ હતી. આ ઉપરાંત નોન ફેર રેવન્યુ એટલે કે જાહેરાતો, હોર્ડિંગ્સ, ડિજિટલ જાહેરાતો મળીને રૂા. ૮૭.૪૪ કરોડની આવક ઊભી કરી છે. જે ગયા વર્ષની તુલનાએ ૧૧૬ ટકા વધુ છે. નોન ફેર રેવન્યુમાં મધ્ય રેલવે નંબર વન ઉપર છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન મધ્ય રેલવેએ ૭૬.૧૬ મિલિયન ટન માલનું પરિવહન કરીને રૂા. ૭૩૨૯.૪૦ કરોડની આવક મેળવી હતી. વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન મધ્ય રેલવેની આવકમાં ૩૫.૦૯ ટકાનો વધારો નોંધાયો હતો. ગતિ શક્તિ નવી ગ્રીનફિલ્ડ મલ્ટિમોડેલ કાર્ગો ટર્મિનલ પાલસધારી (કર્જત અને ખોપોલી વચ્ચે )પાસે બની રહ્યું છે. આ ટર્મિનલ બની ગયા બાદ સિમેન્ટ, અનાજનાં કન્ટેનરોના માલપરિવહનના સમયની બચત થશે.

### એસી લોકલ ટ્રેનથી સાડા ચાર મહિનામાં ૩૨ કરોડની આવક

મધ્ય રેલવેમાં એસી લોકલ શરૂ થયા બાદ મધ્ય રેલવેએ હવે તમામ લોકલને એસી બનાવી દોડાવવાનો નિર્ણય લીધો છે. આ તમામ કાર્ય તબક્કાવાર હાથ ધરાશે. હાલ મધ્ય રેલવેમાં ૫૬ એસી લોકલ ટ્રેનો દોડે છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં શરૂ કરેલી એસી લોકલ ટ્રેનમાં પહેલી જાન્યુઆરી ૨૦૨૩થી ૨૪મી મે ૨૦૨૩ સુધી ૭૧.૩૩ લાખ પ્રવાસીઓએ પ્રવાસ માણ્યો હતો જેના થકી ૩૨.૨૨ કરોડની આવક ઊભી થઇ હતી. મે મહિનામાં દૈનિક સરાસરી ૫૮,૮૮૦ પ્રવાસીઓ એસી લોકલનો પ્રવાસ માણી રહ્યા છે.

પહેલી મેથી ૨૪મી મે ૨૦૨૩ સુધીમાં ૧૪.૧૩ લાખ પ્રવાસીઓએ એસી લોકલનો પ્રવાસ માણ્યો હતો. જેનાથી રૂા. ૬.૬૬ કરોડની આવક ઊભી થઇ હતી. જે ગયા વર્ષના મે મહિનાની આવકના ૨૩૪ ટકા વધુ છે. ગયા વર્ષે મે મહિનામાં ૨૪ દિવસો દરમિયાન ૬.૧૭ લાખ પ્રવાસીઓએ એસી લોકલ ટ્રેનનો પ્રવાસ માણ્યો હતો જેનાથી રૂા. ૨.૮૩ કરોડની આવક થઇ હતી. મધ્ય રેલવે એસી લોકલ સહિત કુલ ૧૮૧૦ ઉપનગરીય સેવા ચલાવે છે. ૧૪મી મે ૨૦૨૨થી મેઇન લાઇન ઉપર એસી સેવા ૪૪ના બદલે ૫૬ સુધી વધારવામાં આવી છે. પાંચમી મે ૨૦૨૨એ મધ્ય રેલવેએ એસી લોકલના પ્રવાસી ભાડાંમાં ૫૦ ટકાનો ઘટાડો કર્યા બાદ એસી લોકલ ટ્રેન સેવાને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

### માળખાકીય સુવિધામાં વધારો

મધ્ય રેલવેના જનસંપર્ક અધિકારી એ. કે. જૈને જણાવ્યું હતું કે એપ્રિલ ૨૦૨૨થી માર્ચ ૨૦૨૩ દરમિયાન મધ્ય રેલવેમાં ૨૫૭ કિમીનું ડબલિંગ અને મલ્ટિ ટ્રેકિંગનું કામ પૂર્ણ થઇ ગયું છે. મધ્ય રેલવેએ સૌથી વધુ નવી લાઇનો શરૂ કરી છે. નવી લાઇનોમાં ડબલિંગ, ત્રીજી લાઇન, પાંચમી અને છઠ્ઠી લાઇનનો સમાવેશ થાય છે. કુલ ૧૭૭.૧૧ કિલોમીટર (નવી લાઇન ૩૧ કિમી)નું વિસ્તારીકરણ કર્યું છે. જેમાં થાણે અને દિવા વચ્ચે નવી શરૂ થયેલી પાંચમી અને છઠ્ઠી લાઇન (પ્રત્યેક નવ કિલોમીટર)નો સમાવેશ થાય છે. મધ્ય રેલવેમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૧૦૦ ટકા વિદ્યુતીકરણનું કામ હાથ ધરાયું છે. મધ્ય રેલવેના ગેજ રૂટ ઉપર (૩૮૨૫ કિમી) ૧૦૦ ટકા વિદ્યુતીકરણનું કામ હાલ તબક્કાવાર પૂર્ણ થઇ ગયું છે.

### ગ્રીન એનર્જી ઉપર ભાર

મધ્ય રેલવેએ પ્રદૂષણ ઘટાડવા ઉપર ભાર મૂક્યો છે. ગ્રીન એનર્જી તરીકે સોલાર પૅનલો અને વિન્ડ એનર્જી એટલે કે પવન ચક્કીનો ઉપયોગ થઇ રહ્યો છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં નેટ ઝીરો કાર્બન એમિશન(કાર્બન રહિત)નું મધ્ય રેલવેનું લક્ષ્યાંક છે. આ અંગે વિગત આપતા મધ્ય રેલવેના અધિકારીએ જણાવ્યું હતું કે કર્ણાટકના કોપલ જિલ્લામાં વિન્ડ પાર્ક બની રહ્યો છે. ૨૪ પવનચક્કીઓ ત્યાં બેસાડવામાં આવશે અને તે પ્રત્યેકની ક્ષમતા ૨.૧ મેગાવૉટની હશે. આ વીજળીનો ઉપયોગ ટ્રેનો દોડાવવા માટે કરાશે. આ પ્રકલ્પનું કામ ૧૮ મહિનામાં સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થઇ જશે. આ પ્રકલ્પ કુલ ૧૬૦ મિલિયન યુનિટ વીજપુરવઠો પૂરો પાડશે જેને માટે મેસર્સ જીઆઇડબ્લ્યુઇએલ કંપની સાથે કરાર થયા છે. આ ઉપરાંત મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં એનટીપીસી વિદ્યુત વ્યાપાર નિગમ લિમિટેડ અને પવન એનર્જી કંપનીના વિન્ડ (પવનચક્કી) પ્લાન્ટસમાંથી મધ્ય રેલવે ૫૬.૪ મેગાવૉટ વીજપુરવઠો મેળવે છે. ગ્રીન એનર્જી ઉપર વધુ ભાર મૂકવા માટે મધ્ય રેલવેએ સોલાર પાવર માટે અનુક્રમે ૬૧ મેગાવૉટ અને ૧૮૦ મેગાવૉટનો કરાર રેવા અલ્ટ્રા મેગા સોલાર લિમિટેડ અને ઇર્કોન રિન્યુએબલ પાવર લિમિટેડ સાથે કર્યો છે. આ પ્રકલ્પ એપ્રિલ ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થશે. મધ્ય રેલવેમાં ૧૦૦ ટકા વિદ્યુતીકરણ થઇ ગયું છે. ગેજ રૂટ (૩૮૨૫ કિમી) ૫.૨૦૪ લાખ ટન કાર્બન રહિત થતાં રૂા. ૧૬૭૦ કરોડની વાર્ષિક બચત થાય છે.

# NAME ANY INDUSTRY.

## V-TRANS HAS DELIVERED TO THE SATISFACTION.

For last six decades we have been building solid foundation of trust, excellence and ethics across India and SAARC and delivering logistics solutions across industries. If you haven't experienced our dependable and diversified end-to-end logistics services, it's time you do.



V-Trans (India) Limited,
6, Corporate Park, V N Purav Marg, Chembur, Mumbai - 400 071.

9870 140 141 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS® Driving Excellence

Group Companies: V-Xpress | V-Logis

# લોકલ ટ્રેનનો વિકલ્પ બનશે મેટ્રો



કેતન જાની

**મું**બઈમાં બહુ લાંબા સમય સુધી પશ્ચિમ અને મધ્ય રેલવેની લોકલ ટ્રેનોનું નેટવર્ક જીવનરેખા સમાન ગણાતું રહ્યું છે. લાખો મુંબઈગરા તેના ઉપર આધાર રાખતા હતા. મુંબઈમાં લગભગ દસ વર્ષ પહેલાં શરૂ થયેલી વરસોવા-અંધેરી-ઘાટકોપર મેટ્રોને મળેલા ઉત્તમ પ્રતિસાદ પછી આગામી સમયમાં મેટ્રો શહેરની જીવનરેખા ગણાતી લોકલ ટ્રેનોના નેટવર્કનો સબળ વિકલ્પ બનીને ઉપસશે એ સ્પષ્ટ છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી હાલ મુંબઈ અને તેની આસપાસ ૩૩૭ કિલોમીટર નેટવર્ક સ્થાપી રહ્યું છે. લોકલ ટ્રેનો કરતા મેટ્રોનો પ્રવાસ વાતાનુકૂલિત હોવાને કારણે સગવડભર્યો અને ટિકિટોના દર સહેજ વધુ હોવાથી ઓછી ભીડવાળો બની રહેશે એ નક્કી છે. મેટ્રો-ત્રણ સિવાય મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ૧૪ લાઈનો નાખવાનું કામ આગળ ધપી રહ્યું છે. તેમાંની કેટલીકનું બાંધકામ ચાલુ છે અને કેટલી હજી યોજનાના સ્તરે છે.

**ડી.એન. નગરથી મંડાલા સુધીની મેટ્રોલાઈન ટુબી :** એમએમઆરડીએ માનખુર્દમાં ૩૦.૪૫ હેક્ટર જમીન ઉપર મંડાલા ડેપો બાંધવામાં આવી રહ્યો છે. તે અંધેરી (પૂર્વ)માં ડી.એન.



નગરથી કુર્લા પાસે આવેલા મંડાલા વચ્ચેની ૨૩.૬૪ કિ.મી. લાંબી મેટ્રોલાઈનનો હિસ્સો છે. આ ડેપોની ક્ષમતા આઠ કોચના ૭૨ રૅકને સમાવવાની હશે. તેમાં બધી ટ્રેનોમાં મોટી સુધારણા કરવાની ક્ષમતા હશે. તેમાં ૨૧ મીટર ઊંચા સિમ્યુલેટર બિલ્ડિંગમાં મેટ્રોના ડ્રાઈવરો અને ઑપરેટરોને તાલીમ આપવાની સુવિધા હશે. આ મેટ્રોલાઈનનું ૪૧.૫ ટકા સિવિલ કામ પૂરું થયું છે. આ મેટ્રો ટ્રેન ડી.એન. નગર અને મંડાલા વચ્ચેનાં ૨૦ સ્ટેશનોને જોડશે. તે મેટ્રોલાઈન એક અને મેટ્રોલાઈન ચારને પણ ઈન્ટરકનેક્ટિવિટી પૂરી પાડશે.

**વડાલાથી કાસારવડવલી સુધીની મેટ્રો-ચાર :** આ મેટ્રો-ચાર અન્ય વિવિધ લાઈનોને જોડે છે એ તેની આગવી ખાસિયત છે. વડાલાથી કાસારવડવલી સુધીની ૩૨.૩૨ કિ.મી. લાંબી આ મેટ્રો ઈસ્ટર્ન એક્સ્પ્રેસ હાઈ-વે, સેન્ટ્રલ રેલવે, મોનો રેલ, ડી.એન. નગર અને મંડાલેને જોડતી મેટ્રોલાઈન ટુબી, થાણે અને કલ્યાણને જોડતી મેટ્રોલાઈન-પાંચ તેમ જ અંધેરી (પૂર્વ)માં સ્વામી સમર્થનગરથી વિક્રોલીને જોડતી મેટ્રોલાઈન-છને જોડશે. તેનો અર્થ એવો થાય છે કે આ મેટ્રોલાઈન મુંબઈ પ્રવાસ અને કનેક્ટિવિટીની દૃષ્ટિએ અગત્યની ભૂમિકા અદા કરશે. આ મેટ્રો લાઈનનો રૂટ ખૂબ જ સમજપૂર્વક અને અભ્યાસ કરીને નક્કી કરવામાં આવ્યો છે. તેથી તે સરકારી કચેરીઓ, પ્રવૃત્તિઓથી ધમધમતા વ્યાપારી વિસ્તારો અને મહત્ત્વની ઈમારતો સુધી પહોંચવામાં સહાયરૂપ નીવડશે. આ મેટ્રો-ચારનું ૪૯.૦૧ ટકા કામ પૂર્ણ થયું છે.

**થાણે-ભિવંડી-કલ્યાણ વચ્ચેની મેટ્રો-પાંચ :** મુંબઈના પાદરે આવેલા થાણે-ભિવંડી-કલ્યાણને જોડતી ૨૪.૯૦ કિલોમીટર લાંબી લાઈનમાં ૧૫ સ્ટેશનો એલિવેટેડ છે. તે વડાલાથી કસારવડવલી વચ્ચેની બાંધકામ હેઠળની મેટ્રો-ચાર તેમ જ કલ્યાણ-તલોજા વચ્ચેની સૂચિત મેટ્રો-૧૨ સાથે સાંકળશે. આ મેટ્રો-પાંચ મધ્ય રેલવેને પણ જોડશે. આ મેટ્રો-પાંચને કારણે પ્રવાસનો હાલનો સમય ૫૦થી ૭૫ ટકા ઘટશે. મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાંની ખાડી ઉપરથી વાયા-ડક્ટ મારફતે પસાર થનારી પ્રથમ મેટ્રોલાઈન છે. આ મેટ્રોલાઈનના પ્રથમ તબક્કાના ભાગરૂપે કશોલી ખાડી મેટ્રો વાયા-ડક્ટના ૫૫૦ મીટર લાંબા હિસ્સાનું કામ તાજેતરમાં જ પૂર્ણ થયું છે. આ મેટ્રોના પ્રથમ તબક્કાનું ૭૭.૯૬ ટકા બાંધકામનું કાર્ય પૂર્ણ થયું છે.

**સ્વામી સમર્થનગરથી વિક્રોલી વચ્ચે મેટ્રો-છ :** અંધેરી (પૂર્વ)માં સ્વામી સમર્થનગરથી વિક્રોલી વચ્ચે મેટ્રો-છનું ૬૮.૭૫ ટકા કામ પૂર્ણ થયું છે. આ મેટ્રો ૧૫.૩૦ કિલોમીટર લાંબી છે. એમએમઆરડીએએ વાયા-ડક્ટનું ૭૧ ટકા કામ પૂરું કર્યું છે. આ મેટ્રો જોગેશ્વરી, વેસ્ટર્ન એક્સ્પ્રેસ હાઈ-વે અને પવઈમાંથી પસાર થશે. આ મેટ્રોનો ઘણો મોટો હિસ્સો જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ ઉપરથી પસાર થાય છે. આ મેટ્રો વેસ્ટર્ન એક્સ્પ્રેસ હાઈ-વે અને ઈસ્ટર્ન એક્સ્પ્રેસ હાઈ-વેને પણ જોડશે. તેના કારણે મુંબઈમાં પશ્ચિમ પરાં અને પૂર્વનાં પરાંને સાંકળવાની સમસ્યા મહદ્અંશે સફળ થશે. આ મેટ્રોલાઈન અમુક અંશે મુંબઈની પ્રથમ મેટ્રો-વરસોવા-અંધેરી-ઘાટકોપરને સમાંતર રહીને પૂર્વ અને પશ્ચિમનાં પરાંને જોડશે. આ મેટ્રો મધ્ય રેલવેના કાંજુરમાર્ગ અને પશ્ચિમ રેલવેના જોગેશ્વરી સ્ટેશનો પણ સાંકળી લેશે.

**મેટ્રો-નવ :** અંધેરીથી સીએસઆઈએ સુધી અને દહીસરથી મીરા-ભાયંદર સુધીની મેટ્રો-સાતનું વિસ્તરણ એ મેટ્રો-નવ છે. આ ૧૩.૫૮૧ કિલોમીટર લાંબી મેટ્રો ઉપર દસ સ્ટેશનો છે. તે વેસ્ટર્ન એક્સ્પ્રેસ હાઈ-વે, વેસ્ટર્ન રેલવે તેમ જ મેટ્રો-ટુએ (દહીસરથી ડી.એન. નગર) અને મેટ્રો-સાત (અંધેરી-પૂર્વથી દહીસર-પૂર્વ) સાથે કનેક્ટિવિટી પૂરી પાડશે. આ મેટ્રો-નવ ઉપર મેડીટિયાનગર સ્ટેશનનું ૭૦ ટકા કામ પૂરું થયું છે. આખા મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં આ સ્ટેશન વિશિષ્ઠ ઓળખ ધરાવશે. તેમાં ત્રણ ટીયર હશે. તેના પ્રથમ ટીયર-ફ્લાયઓવર હશે. બીજા ટીયર (સ્તર) ઉપર વાહનો માટે ફ્લાયઓવર હશે. જ્યારે ત્રીજા ટીયર ઉપર મેટ્રોનું પ્લૅટફૉર્મ હશે. આ મેટ્રો રૂટ મુંબઈનાં પરાં અને મીરા-ભાયંદરને જોડશે. આ લાઈનનું ૪૯.૬૩ ટકા બાંધકામનું કાર્ય પૂરું થયું છે.

## પર્યાવરણને પ્રોત્સાહન એટલે મુંબઈ મેટ્રોરેલ

મુંબઈ મેટ્રોરેલ પૂર્ણપણે ઈલેક્ટ્રિક સિસ્ટમ ઉપર આધારિત છે. તેના કારણે પ્રદૂષણમાં ઘટાડો થશે. આ મેટ્રોને કારણે રસ્તા ઉપર વાહનોની સંખ્યા ઘટતાં પર્યાવરણનું જતન થશે. આ મેટ્રો પર્યાવરણને અનુકૂળ છે. હાલ મેટ્રોલાઈન ટુ-એ અને સાતનાં સ્ટેશનો આઈજીબીસી સર્ટિફાઈડ છે અને પ્લેટેનમ રેટિંગ ધરાવે છે.

## માત્ર મહિલાઓ દ્વારા સંચાલિત એક્સર અને આકુર્લી સ્ટેશન

મુંબઈ મેટ્રોપોલિટન રિજનલ ડેવલપમેન્ટ ઑથોરિટી અને મુંબઈ મેટ્રો વન કંપની લિમિટેડે મેટ્રોલાઈન ટુ-એ ઉપરના આકુર્લી અને મેટ્રોલાઈન સાત ઉપરના એક્સર સ્ટેશનોનું ફક્ત મહિલા કર્મચારીઓ દ્વારા જ સંચાલન કરવામાં આવશે. આ બે સ્ટેશનો ઉપર ૭૬ મહિલા કર્મચારીઓ ફરજ બજાવે છે. આ પહેલ ટ્રાન્સપોર્ટેશન ઉદ્યોગમાં મહિલાઓના ફાળાની કદરરૂપે અને સ્ત્રી-પુરુષ સમાનતાને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી છે.



## આર ઇન્ફ્રા મુંબઈ મેટ્રો વન

વર્સોવા-અંધેરી-ઘાટકોપર કોરિડોરની મુંબઇ મેટ્રો વન પાસે ૧૬ ટ્રેનો છે અને દરરોજ ૩૯૮ ફેરીઓ દોડે છે. મેટ્રો વનનાં તમામ સ્ટેશનોના રૂફટોપ ઉપર સોલાર પૅનલો બેસાડવામાં આવી છે. જેનાથી ત્રણ દિવસનું વીજ બેકઅપ મળી રહે છે. મેટ્રો વન પોતાની સેવા અને પ્રવાસીઓના સમયને સાચવી લેવા માટે મુંબઈગરામાં માનીતી બનતી જાય છે. ગત આઠ વર્ષથી દોડતી મેટ્રો વનમાં હવે પ્રવાસીની સુવિધા અને ગો પેપરલેસના ઉપક્રમ હેઠળ નવાં પાસાં ઉમેરાઇ રહ્યાં છે એમ મુંબઈ મેટ્રો વનની જનપ્રતિનિધિ દીપિકાએ જણાવ્યું હતું. મેટ્રો ટુએ અને સાત શરૂ થયા બાદ મેટ્રો વનની ફેરીઓ વધારી દેવામાં આવી છે. છેલ્લાં આઠ વર્ષમાં મેટ્રો વનમાં ૭૦૮ મિલિયન પ્રવાસીઓએ પ્રવાસ કર્યો છે. ૯૯ ટકા પંક્ચ્યુઆલિટીથી સતત મુંબઈગરાની સેવામાં હાજર રહે છે.

પહેલી જાન્યુઆરી ૨૦૨૩થી ૧૮મી એપ્રિલ દરમિયાન રિલાયન્સ મુંબઈ મેટ્રો વને રૂા. ૩.૬૨ કરોડની આવક મેળવી હતી. હાલમાં જ મેટ્રો વન માટે વૉટ્સઍપ ઉપર ઇ-ટિકિટની સુવિધા શરૂ કરવામાં આવી છે.

### નવી સુવિધાઓનો ઉમેરો

હાલ મુંબઈ મેટ્રો વનમાં બૅન્ક કોમ્બો કાર્ડ, મોબાઇલ ક્યુઆર ટિકિટ, ઉપરાંત સિંગલ જર્ની ટિકિટ અને કાર્ડ પે એઝ યુ ગોનો સમાવેશ થાય છે. તેને મળેલા બહોળા પ્રતિસાદને ધ્યાનમાં રાખીને રિટર્ન ટિકિટ અને મંથલી પાસની સેવા શરૂ કરાઇ હતી.

મુંબઈ મેટ્રો વને પર્યાવરણ પૂરક બનવા પણ ઘણા પ્રયાસો હાથ ધર્યા છે. જેમાં સ્ટેશનોના રૂફટોપ ઉપર સોલાર પૅનલ્સ, રેઇન વૉટર હાર્વેસ્ટિંગ, ટ્રેનોને ધોવા માટે રિસાઇકલ વૉટરનો સમાવેશ થાય છે. મેટ્રો વને હવે પેપરલેસ થવાનું વિચાર્યું છે. આર ઇન્ફ્રા મુંબઈ મેટ્રો વન વૉટ્સઍપ ઉપર ઇ-ટિકિટ આપનારી પહેલી એમઆરટીએસ (માસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ) છે. હાલ કાઉન્ટરો ઉપર પેપર ક્યુઆર ટિકિટ પણ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત મોબાઇલ ઉપર વૉટ્સઍપ નંબર ૯૬૭-૦૦૦-૮૮૮૯ ઉપર હાઇ મોકલવાથી ઓટીપી ટિકિટ કાઉન્ટર ઉપર દેખાડયા બાદ ઇ-ટિકિટ વડે પ્રવાસ કરી શકાય છે.

### મેટ્રો વનની સ્થિતિ

સપ્તાહમાં ૪,૫૦,૦૦૦ જણનો પ્રવાસ

દરરોજના સિંગલ અને રિટર્ન પ્રવાસી ૨,૨૫,૦૦૦

વર્સોવા અને ઘાટકોપરથી પહેલી ટ્રેન સવારે ૬.૩૦ વાગ્યે ઊપડે છે.

વર્સોવાથી રાતે છેલ્લી ટ્રેન ૧૧ વાગ્યે અને ઘાટકોપરથી રાતે ૧૧.૨૫ વાગ્યે દોડે છે.

# આ વર્ષે મળશે ટ્રાન્સ હાર્બર લિન્કની ભેટ



**પ્રકલ્પ અંગેની જાણકારી**

લંબાઇ : ૨૧.૮ કિલોમીટર
પહોળાઇ : ૨૭ મીટર
ઊંચાઇ : ૨૫ મીટર
વૉટર ડેપ્થ : ૪૭ મીટર
નંબર ઑફ સ્પેન : ૭૦
લૉંગેસ્ટ સ્પેન : ૧૮૦ મીટર
પીયર્સ ઇન વૉટર : ૧૦૮૯
લેન : ૬
ક્યારે કેટલું કામ પૂર્ણ કરાયું
પહેલા તબક્કામાં : ૧૦.૩૮ કિલોમીટર
બીજા તબક્કામાં : ૭.૮૦૭ કિલોમીટર
ત્રીજા તબક્કામાં ૩.૬૧૩ કિલોમીટર

**૩૦** વર્ષ અગાઉ જે પ્રકલ્પની કલ્પના કરાઇ હતી એવો એમએમઆરડીએનો પ્રકલ્પ મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક (એમટીએચએલ)નું કામ પૂરું થયા બાદ મુંબઈ અને નવી મુંબઈ વચ્ચેના પ્રવાસનું અંતર ઘટીને મિનિટોનું થઇ જશે અને સમય અને ઇંધણની બચત થશે તેમ જ નવી મુંબઈ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ, આ વિસ્તારમાં મહત્ત્વના આર્થિક અને રહેણાક ઝોનને જોડતી મહત્ત્વની કડી સાબિત થશે. ઉપરાંત પુણે, નાગપુર અને નાસિકને મુંબઈની નજીક લાવશે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી (એમએમઆરડીએ)નો મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પોમાંનો એક એવા મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંકનું બાંધકામ એપ્રિલ, ૨૦૧૮થી શરૂ થયું હતું અને હવે આ બ્રિજ સંપૂર્ણ બનીને તૈયાર છે. મુંબઈથી નવી મુંબઈના પ્રવાસને કલાકોનો સમય લાગે છે, પરંતુ મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક શરૂ થયા બાદ આ પ્રવાસ માત્ર ૨૦ મિનિટમાં પૂરો થઇ જશે. બાવીસ કિલોમીટર લાંબો બ્રિજ ચાલુ વર્ષના નવેમ્બરમાં શરૂ કરવાની સરકાર તેમ જ એમએમઆરડીએની યોજના છે. દેશના સૌથી લાંબા સી લિન્કમાં અનેક ટેક્નિકનો ઉપયોગ કરાયો છે.

આ બ્રિજ ઉપર ઓપન રોડ ટોલિંગ સિસ્ટમ હશે, અહીંથી પસાર થનારાં વાહનોએ ટોલબૂથ ઉપર ઊભા રહેવાની જરૂર નહીં પડે. કુલ છ લેનના બ્રિજનું કામ પૂર્ણ થઇ ગયું છે અને દરરોજનાં ૭૦ હજારથી વધુ વાહનો બ્રિજ ઉપરથી પસાર થવાની શકયતા છે. આ બ્રિજનો ઢાંચો, માળખું તૈયાર થઇ ગયું છે. ૨૪મી મેએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ બ્રિજની મુલાકાત લેશે. ૨૪મીએ આ બ્રિજ ઉપરથી એન્જિનિયર્સ અને અન્ય સ્ટાફની એક બસ રવાના થશે. આ બ્રિજ રૂા. ૧૮ હજાર કરોડના ખર્ચે બન્યો છે. આનું બાંધકામ બે વર્ષમાં કરાયું છે. આ બ્રિજમાં સૌથી લાંબા ઓર્થોટ્રોપિક સ્ટીલ ડેકનો ઉપયોગ કરાયો છે. આ બ્રિજ શરૂ થયા બાદ મુંબઈથી પુણે, ગોવા અને નાગપુરનું અંતર ઘટી જશે. આ બ્રિજ શરૂ થયા બાદ વાહનોના ૩૦થી ૪૦ ટકા ઈંધણની બચત થશે.


હાલ બ્રિજ ઉપર ક્રેશ બેરિયર્સ, ડેકનું અસ્ફાલ્ટ કાર્ય, વ્યૂ કટર્સ બેસાડવા, ટોલ કલેક્શન કેન્દ્રો ઊભાં કરવાં, સુરક્ષા યંત્રણા ઊભી કરવી, માર્કર અને સાઇન બોર્ડ બેસાડવાં, માળખાનું વૉટર પ્રૂફિંગ કરવું અને રિફલેક્ટર બેસાડવાનાં કાર્યો શેષ છે. આ તમામ કામો ત્રણ મહિનામાં પૂર્ણ કરીને સપ્ટેમ્બર સુધીમાં પ્રકલ્પ જાહેર જનતા માટે ખુલ્લો મૂકવાની એમએમઆરડીએની યોજના છે.

## મુંબઈ ટ્રાન્સ હાર્બર લિન્ક વિશે

મુંબઈ ટ્રાન્સ હાર્બર લિન્ક એટલે કે શિવરી ન્હાવાશેવા ટ્રાન્સ હાર્બર લિન્ક ૨૧.૮ કિલોમીટરનો ફ્રી-વે છે. આ પ્રકલ્પનું કામ પૂર્ણ થઇ ગયું છે. આ રોડ મુંબઈને નવી મુંબઈથી જોડશે. આ પ્રકલ્પ દરિયા ઉપરનો સૌથી મોટો સી લિન્ક હશે. આ રોડ મુંબઈ - પુણે એક્સ્પ્રેસ વેને પણ જોડશે. આ સી લિન્ક ૬ લેનનો અને ૨૭ મીટર લાંબો હશે તેમ જ રોડ ઉપર બે ઇમરજન્સી એક્ઝિટ પણ આપવામાં આવી છે. પ્રકલ્પ પૂર્ણ થયા બાદ દરરોજનાં ૭૦ હજાર વાહનો દોડાવવામાં આવશે. ૩૦.૧ મીટર પહોળાઇ સાથે છ લેનનો બ્રિજ લગભગ રૂા. ૧૮ હજાર કરોડના ખર્ચે બન્યો છે, જેમાંથી ૮૫ ટકા ભંડોળ જાપાન ઇન્ટરનેશનલ કૉર્પોરેશન એજન્સીએ આપ્યું છે.

**પ્રકલ્પ**

પ્રકલ્પ શરૂ : ૨૪ એપ્રિલ, ૨૦૧૮
પ્રકલ્પ પૂર્ણ : સપ્ટેમ્બર, ૨૦૨૩
ખર્ચ : અંદાજિત ૧૮ હજાર કરોડ
ક્યાં શરૂ થશે : શિવરી
ક્યાં પૂરો થશે : ઉરણ, ચિરલે
ક્રોસ : થાણે ક્રીક
શું લઇ જઇ શકાશે : વાહનો
કોનો પ્રકલ્પ : એમએમઆરડીએ




**પુણે, નાગપુર અને ગોવા એક્સ્પ્રેસ વેને જોડશે**

મુંબઈ ટ્રાન્સ હાર્બર લિન્કને મુંબઈ પુણે અને ગોવા એક્સ્પ્રેસ વે તેમ જ નાગપુર સમૃદ્ધિ એક્સ્પ્રેસ વે સાથે જોડવામાં આવશે. વાહનચાલકોના દોઢ કલાકના સમયની બચત થશે

# યહ કૌન ચિત્રકાર હૈ ? : મુંબઈ ઇન્દ્રધનુષી બની રહ્યું છે !



શિરીષ મહેતા

'મેરા દેશ બદલ રહા હૈ, આગે બઢ રહા હૈ' ગીતની જેમ મુંબઈની સિકલ અને સકલ પણ બદલાઈ રહી છે. મુંબઈ બદલાઈ રહ્યું છે, આગળ ને આગળ વધી રહ્યું છે. મુંબઈના મોટાભાગના વિસ્તારો એવા છે, જ્યાં તમે છ-આઠ મહિના પછી જાવ તો તેમાં બદલાવ ચોક્કસ નજરે ચડે, ઊડીને આંખે વળગે. શહેરમાં ગૂંથાઈ રહેલા મેટ્રો ટ્રેનના જાળા, ફ્લાયઓવર, સ્ટેશનોની બદલાઈ રહેલી સુરત તો સહજ દેખાય પણ બસ સ્ટોપ સુદ્ધા સુંદર બની રહ્યા છે. રેલવે સ્ટેશનો ઉપર સોલર પેનલો લાગી રહી છે, એસ્કેલેટર બની રહ્યા છે, ટિકિટ માટે લાઈનો પહેલાથી ઓછી લાગે છે. આવા તો ઘણા બદલાવ આવી રહ્યા છે. આના કારણે મુંબઈ શહેર ખૂબસુરત બની રહ્યું છે. પણ અહીં વાત કરવી છે - પંચરંગી મુંબઈના મેઘધનુષી રંગોની. મુંબઈ તેની પંચરંગી વસ્તી અને સંસ્કૃતિને કારણે જાણીતું તો હતું, હવે તે ઇન્દ્રધનુષી બની રહ્યું છે. શહેરની દીવાલો જુઓ જ્યાં ને ત્યાં સુંદર અને મનોહારી પેઈન્ટિંગ્સનો નજારો જોવા મળે છે. ફ્લાયઓવર, રેલવેના ફૂટઓવર બ્રિજ, મેટ્રો લાઈનના કદાવર સિમેન્ટ થાંભલામાં દોરેલા સિનેસ્ટારો, ક્રિકેટરો અને રમતવીરોના આબેહૂબ ચિત્રો આંખોને ઠારે છે. મરીન લાઈન્સના સ્મશાનની દીવાલો મૃત્યુના ચહેરાની ભયાનક્તાને સહ્ય બનાવે છે. ફ્લાયઓવરના જંગી થાંભલાની કુરુપતાને નજાકતથી ભરે છે વેલા અને ફૂલપાંદડાની ડિઝાઈનના ચિત્રો.

આજથી થોડા વર્ષો પહેલા આવું કંઈ જોવા મળતું નહોતું. એવું તે શું થયું કે જાહેર સ્થળો, બાગબગીચાની દીવાલો, શહેરના ખૂણાઓ ચિત્રોના સુશોભનથી દીપવા લાગ્યા છે? આ યજ્ઞ કોણે શરૂ કર્યો? તેનું ફળ શું અને કોને મળે છે? આ સવાલો મનમાં જાગે છે અને નિરુત્તર રહી જાય છે. પણ આ ચિત્રો, મ્યૂરલ્સની દાસ્તાં સુંદર છે.

દેવી-દેવતાના ચિત્રો વડે દીવાલોને પાનની પીચકારીઓથી બચાવવાનો નુસખો નવો નથી. પણ જ્યારે આ વિચારને સંસ્થાગત સ્વરૂપ મળે ત્યારે એ એક ચળવળ બને છે, ઝુંબેશ બને છે. એક સારો વિચાર કઈ રીતે વાવાઝોડાની જેમ બધે ફરી વળે છે તેનું આ ઉદાહરણ છે.

આજથી દસેક વર્ષ પહેલાની આ વાત છેઃ રાશિ રઘુનાથ નામની એક ઓગણીસ વર્ષની છોકરીને વિચાર આવ્યો કે મુંબઈને સ્વચ્છ રાખવા તેને ચિત્રો વડે રળિયામણું બનાવીએ તો કેવું?

રાશિએ એક પ્રોજેક્ટ હાથમાં લીધો અને નામ આપ્યું, 'પ્રોજેક્ટ મેડ (મેડ એટલે મ્યુરલ્સ ઍન્ડ ડૂડલ્સ). એકલા ચાલવાના ઈરાદા સાથે શરૂ થયેલી તેની આ સફરમાં જોડાયા તેના સાથીઓ- તનીમ સંગાર, અદિતિ મોન્ડે, કીર્તિ મહાજન અને સોલોમન સેમ્યુઅલ. આ ટોળકીએ શહેરના કેટલાક જાહેર સ્થળોને ચિત્રો અને ભભકદાર રંગોથી સજાવ્યા.

'પ્રોજેક્ટ મેડ'ના આ ભેજાગેપોનું માનવું હતું કે, જાહેર સ્થળોને જો નવનક્કોર દેખાતા મનોહારી ચિત્રોથી સજાવવામાં આવે તો લોકો તેને ગંદુ કરતા પહેલા બે વાર વિચારશે. આ સાથીઓએ શહેરની મૂકબધિર શાળાનો સાથ લીધો. આ શાળાના વિદ્યાર્થીઓને ચિત્રો કેમ દોરવા, તેમાં રંગ કેમ પુરવા તે શીખવ્યું. જ્યાં માછીમારોની વસ્તી વધુ છે તે કોલાબાની સાસૂન ડોક વિસ્તારમાં તેમણે માથે માછલીના ટોપલાવાળા કોળી માછીમારો અને માછણના એવા અદ્ભુત ચિત્રો દોર્યા કે તેને જોતા જ રહી જાવ. મુંબઈ જેવા પચરંગી શહેરના સ્થાનિક લોકોની પંચરંગી સંસ્કૃતિને ઉજાગર કરવાનો વિચાર સૌએ વધાવી લીધો.

ચિત્રો વડે સામાજિક ચેતના પ્રગટાવવાનો વિચાર સરકારને પણ ગમી ગયો. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સત્તા સંભાળ્યા બાદ તરત શહેરને સુંદર બનાવવાને અગ્રતા આપી છે. તેમણે ચિત્રો વડે સામાજિક ચેતના લાવતી આ ચળવળને સ્વીકૃતિ આપી. રસ્તા પરના ડિવાઈડર, ટ્રાફિક આઈલૅન્ડ, દીવાલોને ચિત્રો અને રોશનીથી સુશોભિત કરવાના આદેશ આપ્યા. શહેરના ૨૪ વૉર્ડને પ્રત્યેક માટે રૂ. ૩૦ કરોડના ભંડોળની ફાળવણી થઈ. આ માટે સ્વયંસેવી સંસ્થાઓ જોડાઈ. તેના હજારો કારીગરોને રોજગાર મળ્યો.


આ માટે શહેરના પ્રત્યેક વૉર્ડમાં કૉન્ટ્રાક્ટરની નિમણૂંક કરવામાં આવે છે. કૉન્ટ્રાક્ટર અને કળાકારો જે તે વિસ્તારની વિશેષતા, તેના રહેવાસીઓ અને તેમની સંસ્કૃતિ જેવા વિવિધ પાસાને ધ્યાનમાં રાખી ચિત્રોના વિષય નક્કી કરે. અહીં ચિત્રકારોને ચિત્ર દોરીને તેમાં રંગ પુરવાના પ્રત્યેક ચોરસ ફીટ દીઠ પૈસા આપવામાં આવે છે. દા.ત. એક હજાર ચોરસ ફીટની દીવાલને સુશોભિત કરવાની હોય તો ચિત્રકારોને આશરે સવા લાખ રૂપિયા મળે. પણ આ કામ સહેલું નથી. પેઈન્ટરો વાંસના માંચડા પર ચડીને ચિત્રોમાં રંગ પૂરતા હોય ત્યારે જોખમ વધી જાય છે. કંઈ નહીં તો ગરમી અને ઉકળાટમાં કામ કરવું સહેલું નથી. આ માટે પેઈન્ટરો મોડી રાતે કામ શરૂ કરે અને વહેલી સવાર સુધી તે ચાલુ રાખે છે. મલાડની પઠાણવાડી વિસ્તારમાં ૧૬,૦૦૦ ચો. ફૂટ દીવાલોને સુશોભિત કરવાનું કામ પૂરું થવા આવ્યું છે.

કળાની સાથે ટેક્નૉલૉજીનો ઉપયોગ સુંદર પરિણામ આપે છે. મુંબઈ- કાંદિવલી (પૂર્વ)ના એક શોપિંગ મોલની બાજુમાંના એક ટ્રાફિક આઈલૅન્ડ પર પૂર્ણ ચંદ્ર પ્રકાશિત હોય તેવું મોડેલ મૂકવામાં આવ્યું છે. અંદરની બ્લુ લાઈટ ચાલુ કરવામાં આવે ત્યારે ખાડાવાળો ચંદ્ર ઝળહળી ઊઠે. બહુ સુંદર દ્રશ્ય સર્જાય. મુંબઈના મરીન ડ્રાઈવના રસ્તા પરથી થાવ ત્યારે લાઈટના થાંભલા પર એનિમેશનવાળા ચિત્રો આંખ ઠારે છે.

મુંબઈના પાડોશી થાણેના પ્રશાસકોને તો શહેરને સુશોભિત કરવાનો એટલો ઉત્સાહ છે કે આ માટે રૂા. ૧૦૦ કરોડના બજેટની ફાળવણી કરી છે. થાણેમાં પ્રવેશ અને બહાર જવાના સાત દ્વાર, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, ફ્લાયઓવર બ્રિજ અને મહત્ત્વના સ્થળોને ચિત્રો અને રંગબેરંગી લાઈટોથી સજાવવામાં આવી રહ્યા છે. મુંબઈમાં જી-૨૦ની મિટિંગ યોજાઈ તે નિમિત્તે જે લાઈટો કરવામાં આવી હતી તે આ ચિત્રોને અજવાળી રહ્યા છે. થાણેના મ્યુનિસિપલ કમિશનર અભિજીત બંગર થાણેને આવતા બે-અઢી વર્ષમાં નવી મુંબઈના જેવું સુંદર બનાવવા માગે છે. જોકે, આ સ્થળોને સુંદર અને સુશોભિત બનાવતા પહેલા કચરો અને બાંધકામનો કાટમાળ દૂર કરવા માટે પણ મોટો ખર્ચ કરવો પડશે. જાહેર સ્થળના સૌંદર્યને ઝાંખપ લગાવે તેને દૂર કરવામાં આવશે.

'શહેરને સુંદર બનાવવાની ઉતાવળ એવી પણ હોવી જોઈએ નહીં કે તેમાં તેની અસ્મિતા અને ઈતિહાસને કોરાણે મૂકી દેવાય' એવી હૈયાવરાળ કાઢતા શહેરના એક ચિત્રકારે કહ્યું કે, થાણેનો ભાતીગળ ઈતિહાસ ઓછામાં ઓછો ૬૦૦ વર્ષ જૂનો છે. આ વાતને વિસારે પાડીને ઠેકઠેકાણે મ્યૂરલ્સ મૂકી દેવામાં આવ્યા છે જેનો કોઈ વિષય (થીમ) નથી. દીવાલો પર માત્ર વાઘ, દીપડા અને પોપટ દોરવાનો કોઈ અર્થ નથી. આવું એક નહીં, દેશના અનેક શહેરોમાં બની રહ્યું છે.

આવું બનવું સ્વાભાવિક છે. સમય જતા ચિત્રોમાં, તેના વિષય વસ્તુમાં અનેક સંદર્ભો અને પ્રાસંગિકતા ઉમેરાશે. કળાનો એક પ્રકાર કેવું પરિવર્તન લાવે છે તેનું ઉદાહરણ ચિત્રકળા છે.











સ્થાપના વર્ષઃ ૧૯૮૫
ટ્રસ્ટ બોર્ડ
વર્ષઃ ૩૮મું

સંસ્થાપક પ્રમુખ હેમરાજ શાહ
મેનેજીંગ ટ્રસ્ટી/પ્રમુખ ડૉ.નાગજી રીટા
ટ્રસ્ટી ચીમન મોતા
ટ્રસ્ટી ડૉ.હીરાચંદ દંડ
ટ્રસ્ટી મહેન્દ્ર એન.શાહ
ટ્રસ્ટી ઉદય એચ.શાહ

દાતા ટ્રસ્ટી હર્ષદ આર. મહેતા
દાતા ટ્રસ્ટી રોહિત જે. પટેલ
દાતા ટ્રસ્ટી અનિલ ડી. ગાલા
કારોબારી સમિતિ અંબાવી પટેલ
કારોબારી સમિતિ અરવિંદ ખેરાજ સાવલા
કારોબારી સમિતિ દિનેશ ટી.શાહ

ઉપપ્રમુખ અરવિંદ એચ.શાહ
મહામંત્રી રાજેશ દોશી
મંત્રી ઍડ.પીયુષ એમ.કે.શાહ
ખજાનચી લખમશી એમ.શાહ
કારોબારી સમિતિ બીપિન નાગડા
કારોબારી સમિતિ જીતેન્દ્ર મહેતા
(કૉ.ઑપ્ટ.) જયંતિભાઈ મોદી

નવનીત ગુજરાતી સમાજ ભવન
૭મો માળ A/C હૉલ
૬ઠ્ઠા માળના દાતા : શ્રી હર્ષદ રમણિકલાલ મહેતા પરિવાર
૫મા માળના દાતા : સ્વ. સુશીલાબેન રમણિકલાલ મહેતા (પાલનપુર)
૪થો માળ ❑ માતુશ્રી પાનબાઈ કલ્યાણજી સાવલા અતિથિભવન
૩જો માળ ❑ શ્રીમતી પ્રભાબેન પ્રવિણભાઈ કરમણ ગાલા વિદ્યાર્થીગૃહ
હેલ્થ સેન્ટર (બીજો માળ) હેલ્થ સેંટર
નવનીત હૉલ (પહેલો માળ) નવનીત હૉલ
બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ સંચાલિત
નવનીત ગુજરાતી સમાજ ભવન
નવનીત ગુજરાતી સમાજ ભવન

બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ સંચાલિત નવનીત ગુજરાતી સમાજ ભવન
પ્લોટ નં. A/7, ૪૧ આદર્શ નગર, જોગેશ્વરી-ઓશીવારા લિન્ક રોડ,
લોટસ પેટ્રોલ પંપ સામે, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૧૦૨. ફોન : ૮૧૬૯૬૮૯૬૩૭
Contect : Hemang : 9699806260 ■ Trust Regd No. F-11802
■ e-mail : gujaratisamajbhavan.mumbai@gmail.com


## ઈન્ડિયન ઓઈલે રજૂ કર્યું દેશનું પ્રથમ ૯૫ ઑક્ટેન પેટ્રોલ

### હાઈ-ઓક્ટેન પેટ્રોલ હવે બધા માટે સુલભ




તમે એક સંપૂર્ણ કાર ઈચ્છો છો. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે તમારી મનપસંદ કાર અથવા મોટરબાઈક શું ઈચ્છે છે?

જવાબ તમને કદાચ આશ્ચર્યચકિત કરી શકે છે. તમારા મૂલ્યવાન વાહનની કામગીરીને ચરમસીમાએ લઈ જવા માટે અને તમારી કાર અથવા મોટરબાઈકને વિશિષ્ટ બનાવવા માટે, તમને ઉચ્ચ પરફોર્મન્સ વાળા ઈંધણની જરૂર છે અને આ સંદર્ભમાં, ઈન્ડિયન ઓઈલના ૯૫-ઓક્ટેન પેટ્રોલ એટલે કે XP95નું વિશેષ મહત્ત્વ છે. XP95 નવા ઉપરાંત જૂના વાહનો માટે પણ ફાયદાકારક છે. ઉચ્ચ કોમ્પ્રેશન રેશિયો ધરાવતાં આધુનિક વાહનોનાં એન્જિનોની વધુ સારી કામગીરી માટે ઉચ્ચ ઓક્ટોન ઈંધણની જરૂર પડે છે. XP95 આ જરૂરિયાતને ઉત્તમ રીતે પૂરી કરે છે. ઉપરાંત, તે જૂનાં વાહનોની કાર્યક્ષમતાને પણ પુનઃ સ્થાપિત કરે છે. હવે તમારી અને મોટરબાઈકના સપના ઈન્ડિયન ઓઈલના XP95 બ્રાન્ડના હાઈ ઓક્ટેન પેટ્રોલ (૯૫ ઓક્ટેન રેટિંગ સાથે) સાથે સાકાર થયા છે.

**XP95ની વિશેષતાઓ :**

અનોખી સવારી : ઈન્ડિયન ઓઈલે XP95 એક ઉચ્ચતમ ગ્રેડનું પેટ્રોલ છે જે તમારી કાર અને મોટરબાઈકની સવારી સરળ બનાવે છે. આનું કારણ છે કે XP95માં ખાસ એડિટિવ્સ છે જે આ અદ્યતન ઈંધણને ઉચ્ચ-ગુણવત્તાવાળા એન્ટી-નોકિંગ ગુણધર્મ આપે છે. તેમ જ XP95 વાહનોના પ્રવેગ (એક્સિલરેશન)માં પણ વધારો કરે છે.

નોંધનીય છે કે, XP95 પ્રચલિત ૯૧-ઓક્ટેન પ્રીમિયમ પેટ્રોલ બ્રાન્ડ્સ કરતાં વધારે ઓક્ટેન નંબર (૯૫ ઓક્ટેન) ધરાવે છે.

**ઉચ્ચ ઈંધણ કાર્યક્ષમતા :**

ઈંધણ કાર્યક્ષમતા વધારવા માટે, વધુ કાર્યક્ષમ એન્જિન વિકસાવવામાં આવી રહ્યાં છે. XP95 તેની અદ્યતન દહન લાક્ષણિકતાઓ સાથે આ પ્રયાસોમાં પૂરક બને છે. આધુનિક એન્જિનમાં, હાઈ-ઓક્ટેન XP95ના સંપૂર્ણ દહનથી ઉચ્ચ ઈંધણ કાર્યક્ષમતા પ્રાપ્ત થાય છે.

**દીર્ઘ એન્જિન આયુ :**

ઉચ્ચ-ઓક્ટેન રેટિંગ સાથે XP95 વધુ અસરકારક રીતે ઈંધણ દહન સાથે સંકળાયેલ નોકિંગને અટકાવે છે. વધુમાં XP95ના ખાસ એડિટિવ્હસ ઈન્જેક્ટર, ઈન્ટેક વાલ્વ અને કમ્બશન ચેમ્બરમાં ક્લોગિંગ ઘટાડે છે, જેનાથી કાટ ઓછો લાગે છે અને એન્જિનની કાર્યક્ષમતા વધે છે.

**પર્યાવરણને અનુકૂળ :**

ખાસ કરીને XP95 પેટ્રોલની ઉચ્ચ થર્મલ કાર્યક્ષમતા માઈલેજ વધારે છે, પરિણામે ન્યૂનતમ પ્રદૂષણ ઉત્સર્જન થાય છે, જેથી XP95 અન્ય પ્રકારના પેટ્રોલની સરખામણીમાં પર્યાવરણ માટે અનુકૂળ ઈંધણ છે.

**ભાવમાં લાભ :**

XP95ની કિંમત ૯૧-ઓક્ટેન પ્રીમિયમ પેટ્રોલ બ્રાન્ડ કરતાં ફક્ત થોડી જ વધારે છે. પરંતુ XP95ના વધુ લાભો અને વધુ સારા પરફોર્મન્સને ધ્યાનમાં રાખીને, ગ્રાહકો ભાવના આ મામૂલી તફાવતને અવગણીને XP95ને જ પસંદ કરશે.

**ઔદ્યોગિક દૃષ્ટિકોણ :**

ઉચ્ચ ઓક્ટેન ઈંધણ સારી કાર્યક્ષમતા અને ઓછા ઉત્સર્જન માટે ઉચ્ચ કમ્પ્રેશન રેશિયો સાથે એન્જિનના વિકાસને સશક્ત બનાવે છે.

Indian Oil XP95 ઓટો ઉદ્યોગને કોર્પોરેટ એવરેજ ફ્યુઅલ (CAFE) ધોરણોને પહોંચી વળવા માટે સુવિધા આપે છે.

ટર્બો-પેટ્રોલ એન્જિન, જે સામાન્ય રીતે ઓછી બળતણ કાર્યક્ષમતા ધરાવતા હોય છે, તેના ઉત્પાદકો માટે XP95 એક વરદાન છે.

**XP95 આંકડા બોલે છે :**

❖ વાહનના મોડેલના આધારે બળતણ કાર્યક્ષમતામાં ૩.૯૫ ટકા સુધીનો વધારો
❖ કાર્બન મોનોક્સાઈડ ઉત્સર્જનમાં ૪૪ ટકા સુધીનો ઘટાડો
❖ હાઈડ્રોકાર્બન ઉત્સર્જનમાં ૧૩ ટકા સુધીનો ઘટાડો
❖ એન્જિન પાવરમાં ૪ ટકા સુધીનો વધારો
❖ પ્રવેગક ક્ષમતામાં લગભગ ૨૦ ટકા વધારો

**આત્મનિર્ભર ભારત :**

ઈન્ડિયન ઓઈલે ૨૦૨૦માં XP100 અલ્ટ્રા-પ્રીમિયમ પેટ્રોલ અને BS-V ઈંધણ રજૂ કર્યું, જે 'આત્મનિર્ભર ભારત'ની ભાવનાનું ઝળહળતું ઉદાહરણ છે. ઈન્ડિયન ઓઈલે XP95 દ્વારા સામાન્ય ગ્રાહકોની સાથે ઉત્પાદકોને પણ ખુશ કર્યા છે. •••

# દરિયા કિનારે એક રસ્તો કૉસ્ટલ રોડ એનું નામ

દક્ષિણ મુંબઈ અને ઉત્તર મુંબઈને જોડવા માટે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેની જેમ શહેરની પશ્ચિમ બાજુએ કોસ્ટલ રોડ બાંધવાની સંકલ્પના વર્ષ ૨૦૧૨માં રજૂ થઈ હતી. આમ છતાં પ્રકલ્પનું કામ તેનાં છ વર્ષ પછી જ શરૂ થઈ શક્યું હતું. આ કોસ્ટલ રોડના પ્રથમ તબક્કાનું ૧૦.૫ કિમી લાંબા પ્રિન્સેસ સ્ટ્રીટથી વરલી સીલિન્ક સુધીના હિસ્સાનું પાલિકા આવતા નવેમ્બરમાં લોકાર્પણ કરવાની નેમ ધરાવે છે.

આ પ્રકલ્પની સંકલ્પના રજૂ થઈ પછી તેનો નકશો બનાવવામાં, તે બાંધી શકાય કે નહીં તેની ઇજનેરી દૃષ્ટિકોણથી શક્યતા તપાસવા તેના માટે કેન્દ્રના પર્યાવરણ મંત્રાલય સહિત વિવિધ ખાતાની પરવાનગીઓ મેળવવામાં અને ટેન્ડર પ્રક્રિયામાં છ વર્ષ લાગ્યાં હતાં. બાદમાં છેક મે, ૨૦૧૮માં કંબાલા હિલ ખાતે તેની શીલારોપણ વિધિ કરવામાં આવી હતી.

આખા કોસ્ટલ રોડની લંબાઈ પ્રિન્સેસ સ્ટ્રીટથી કાંદિવલી સુધી ૨૯.૨૦ કિમી છે. આ કોસ્ટલ રોડનું કામ બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રિન્સેસ સ્ટ્રીટ ફ્લાય ઓવરથી વરલી સીલિન્ક સુધીના ૧૦.૫ કિમી લાંબા હિસ્સા- ઉત્તર અને દક્ષિણ તરફ જવા બે-બે લેન એટલે કે કુલ ચાર લેન હશે. આ પ્રકલ્પમાં ગિરગામ ચોપાટીનો સમુદ્ર અને હેન્ગિંગ ગાર્ડન નીચેથી નેપયન્સી રોડ પરના પ્રિયદર્શિની રોડ સુધી ૨.૦૭ કિમી લાંબી ટનલ એ આ પ્રકલ્પની વિશિષ્ટતા છે.

મુંબઈમાં ધસારાના સમયે વાહનો કલાકના ૨૧ કિમી.થી ૨૫ કિમી.ની ઝડપે ગતિ કરે છે. જોકે કોસ્ટલ રોડ ઉપર વાહનો કલાકના ૮૦ કિમીની ઝડપે વિના અવરોધે દોડાવી શકાશે. પાલિકાનાં સૂત્રો કહે છે કે હાલ પ્રિન્સેસ સ્ટ્રીટ અને વરલી સીલિન્ક વચ્ચેનું અંતર કાપતાં ૩૫થી ૪૦ મિનિટ લાગે છે. કોસ્ટલ રોડને ખુલ્લો મુકાયા પછી તે અંતર દસ મિનિટ કરતાં પણ ઓછા સમયમાં કાપી શકાશે. તેના કારણે ઈંધણમાં ૩૫ ટકા બચત થશે. વધુમાં ધ્વનિ અને હવાનું પ્રદૂષણ પણ ઘટશે. તેના કારણે વર્ષે કાર્બન ફૂટપ્રીન્ટમાં પણ ૧૮૨૬ ટન જેટલો ઘટાડો થશે.

કેતન જાની

મુંબઈ ત્રણ બાજુએથી અરબી સમુદ્રથી ઘેરાયેલું છે. તેથી મુંબઈમાં રસ્તાઓનું નેટવર્ક ૨૦૫૦ કિમી. છે જ્યારે દિલ્હીમાં રસ્તાઓનું નેટવર્ક ૨૮,૦૦૦ કિમી. છે. સમુદ્રને કારણે મુંબઈ ભૌગોલિક રીતે વિસ્તરી શકે એમ નથી.

મુંબઈ પાલિકાના વધારાના આયુક્ત અશ્વિની ભીડે કહે છે કે મુંબઈમાં પૂર્વ અને પશ્ચિમ બાજુને જોડવા માટે એલિવેટેડ રોડ બાંધવામાં આવી રહ્યા છે. આમ છતાં તેમાં કેટલાંક વિઘ્નો છે. એલિવેટેડ રોડને કારણે રસ્તા ઉપર કેરિએજ વૅની જગ્યા વપરાઈ જાય છે. તેના કારણે જ્યારે પુનર્વિકાસ થાય ત્યારે વર્તમાન રસ્તાઓને અમુક મર્યાદા કરતાં વધારે વિસ્તારવાનું ભારે મુશ્કેલ થઈ જાય છે. મુંબઈ શહેરનો આકાર લાંબો છે. તેમાં મોટા ભાગના લોકો ઉત્તર અને દક્ષિણ દિશા તરફ પ્રવાસ કરે છે. સારા માર્ગો વિના મુંબઈના વિકાસનો વેગ જળવાઈ શકે નહીં. અન્યથા મુંબઈમાં વિકાસની વિપુલ તકો અને જમીનની ઊંચી કિંમત હોવા છતાં ત્યાં પ્રગતિ કે સમૃદ્ધિ નહીં આવે. આ માટે પાલિકા તંત્રએ દ્વિપાંખિયો વ્યૂહ અપનાવ્યો છે. પહેલું, વર્તમાન માર્ગોની ક્ષમતા વધારવા જરૂર મુજબ થોડા સુધારા કરવા. બીજું, મેટ્રો રેલ જેવું વધારાના રસ્તાનું નેટવર્ક ઊભું કરવું. આપણને હજી વધુ રસ્તાની આવશ્યકતા છે. રસ્તા આપણે સીધા આપણા ગંતવ્ય સ્થાન સાથે જોડે છે. રસ્તાને કારણે વર્તમાન પબ્લિક ટ્રાન્સપોર્ટ નેટવર્ક ઉપરનો બોજ ઘટે છે.

### આબોહવા પરિવર્તનના પડકારના મુકાબલા માટે દીવાલ ?

દરિયામાં ભરણી કરીને મેળવવામાં આવેલી જમીનના રક્ષણ માટેનું કામ વર્ષ ૧૭૮૫માં હોર્નબી વેલાર્ડે પૂર્ણ કર્યું હતું. લગભગ ૨૩૫ વર્ષથી પણ વધુ સમયના ગાળામાં દરિયામાં ભરણી કરવાની પ્રક્રિયામાં કોઈ ફેર પડ્યો નથી.

વરલીની ખાડીમાંના કાદવ-કીચડ ઉપર એક પછી એક બોટ ભરીને પથ્થર ઠાલવવામાં આવ્યા હતા. મુંબઈની આસપાસ બેસાલ્ટની ટેકરીઓ ઉપરથી આવતા કાટમાળ કે ધૂળ તેના ઉપર બેસી જતા તે જમીન સપાટ થઈ હતી. ત્યાર પછી આ જ પદ્ધતિથી મુંબઈને ઉત્તર બાજુએ વિસ્તારવા માટે આ જ પદ્ધતિ અવલંબવામાં આવી હતી. પોર્ટ ભાષામાં વાડ અથવા દુભાજક (ડિવાઈડર)ને 'વોલેડો' કહે છે.

કોસ્ટલ રોડનું દરિયા સામે રક્ષણ કરવા માટે ૭.૪ કિલોમીટર લાંબી દીવાલ બાંધવામાં આવી છે. તે બાંધવા માટે ૬૦ કિલોથી માંડીને ૩૦૦ કિલોના પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેને સપાટ ભૂમિ પર ચોંટાડી રાખવા દાણાદાર બાંધકામ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેની અંદરનું આવરણ ભૂ-ટેક્સટાઈલ જેવી સામગ્રીનો ઉપયોગ કરાયો છે. તેના ઉપર અસમાન આકારના એકથી ત્રણ ટન વજન ધરાવતા પથ્થરના બે લેયર (સપાટી) મૂકવામાં આવી છે. આ પથ્થર દરિયાનાં પાણીમાંના ક્ષાર અને ખારાશને સહન કરી શકે એ માટે નવી મુંબઈની ટેકરી અને ક્વૉરીમાં તોડીને આકાર આપવામાં આવ્યો છે. તે એકમેકમાં સંકળાઈ શકે (ઇન્ટરલૉક થઈ શકે) એવો આકાર તેને આપવામાં આવ્યો છે.

મુંબઈના કૉઝવે અને કોસ્ટલ રોડની દીવાલમાં મુખ્ય તફાવત એ છે કે કોસ્ટલ રોડની દીવાલ ભવિષ્યનાં જોખમો સામે ટકી શકે એવી છે. આ દીવાલની ડિઝાઇન બનાવતી વેળાએ ઇજનેરોએ આગામી ૧૦૦ વર્ષ સુધી દરિયાની સપાટી દર વર્ષે પાંચ મિ.મી. જેટલી વધશે એ બાબતને પણ ધ્યાનમાં રાખી છે. આ દીવાલને દરિયાઈ તોફાન અથવા સુનામી પણ હચમચાવી શકે નહીં કે ઓછામાં ઓછું નુકસાન પહોંચાડે એ રીતે બનાવવામાં આવી છે.



### પબ્લિક સ્પેસ માટે ૧૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાશે

મુંબઈ કોસ્ટલ રોડ માટે પબ્લિક સ્પેસ બાંધવા માટે લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે. તેમાં કોસ્ટલ રોડ પાછળ ખર્ચવામાં આવી રહેલા ૧૨,૭૨૧ કરોડ રૂપિયાનો સમાવેશ થતો નથી. આ ૧૦૦૦ કરોડ રૂપિયા કોસ્ટલ રોડની આસપાસની જગ્યામાં રાહદારી માટે ચાલવાની જગ્યા અને સુશોભીકરણ માટે ખર્ચવામાં આવશે.

આ પબ્લિક સ્પેસ ઊભી કરવા માટે ૧૧૧ હેક્ટર (એટલે કે લગભગ ૨૭૪ એકર) જમીન દરિયામાં ભરણી કરીને મેળવવામાં આવી છે. તેમાં લગભગ ૪૦ હેક્ટર જમીનનો પુલ, રસ્તા, ગ્રેડ ઇન્ટરચેન્જીસ અને રેમ્પસ બાંધવા માટે ઉપયોગ થયો છે. લગભગ ૭૦ હેક્ટર જેટલી જમીન આનંદપ્રમોદ માટેની સુવિધા ઊભી કરવા માટે વપરાશે. તેમાં સાઈકલિંગ ટ્રેક્સ, જોગિંગ ટ્રેક્સ, એમ્ફી થિયેટર, વૉકવે, બાયો ડાયવરસિટી પાર્ક, બટર ફ્લાય ગાર્ડન અને અન્ય સુવિધા ઊભી કરાશે. બાળકો માટે ખેલકૂદની જગ્યા, ટ્રી એવેન્યુ અને સેન્ટ્રલ પબ્લિક પ્લાઝા પણ બંધાશે. આ લૅન્ડસ્કેપિંગનું કામ પૂર્ણ કરવા માટે વર્ષ ૨૦૨૫ના અંત સુધીની સમય મર્યાદા રાખવામાં આવી છે.

લૅન્ડસ્કેપિંગનું કામ પૂર્ણ કરવા માટે પાલિકા લગભગ ૧૮ માસ જેટલો સમય લગાડશે. આ રસ્તો તે પહેલાં જ ખુલ્લો મૂકી દેવાશે. તેના માટે કૉન્ટ્રાક્ટરએ મશીનરી હટાવીને ત્યાં રિકલેમ કરાયેલી જમીન ઉપર કામચલાઉ બાંધકામ ઊભું કરવું પડશે. ત્યાર પછી લૅન્ડસ્કેપિંગ માટે નિયુક્ત થયેલી એજન્સી કામ શરૂ કરશે.

કોસ્ટલ રોડના પ્રકલ્પના ચીફ એન્જિનિયર માન્તાચ્યા સ્વામી કહે છે કે લૅન્ડસ્કેપિંગ માટે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા કૉન્ટ્રાક્ટરની નિમણૂક કરવામાં આવશે. તેની નિયુક્તિની પ્રક્રિયામાં આઠ માસ જેટલો સમય લાગશે. લૅન્ડસ્કેપિંગનો પ્લાન તૈયાર થાય પછી તેના માટે લોકો પાસેથી વાંધા અને સૂચનો મગાવવામાં આવશે.

એલઍન્ડટી કન્સ્ટ્રક્શનના નાયબ મહાવ્યવસ્થાપક એ. પદ્મનાભનએ જણાવ્યું હતું કે કોસ્ટલ રોડનું કામ પૂર્ણ થાય પછી મુંબઈગરાને મોટા પ્રમાણમાં ખુલ્લી જગ્યા પ્રાપ્ત થવાની છે. એલઍન્ડટી કન્સ્ટ્રક્શનને મરીન ડ્રાઇવથી બ્રીચ કેન્ડી સુધીના હિસ્સાનું કામ મળેલું છે. ૭૦ હેક્ટર જમીન ઉપરાંત ૬૦ ફૂટ વૉકવે પ્રાપ્ત થવાનો છે. તેમાં બેઠકોની વ્યવસ્થા હશે. મરીન ડ્રાઇવમાં પ્રમોનેડ છે તેના કરતાં લગભગ ત્રણ ગણી જગ્યા ઉપર એટલે કે નેપયન્સી રોડ ઉપર પ્રિયદર્શિની પાર્કથી વરલી સી-લિન્ક સુધી આ પ્રમોનેડ ઉપલબ્ધ હશે.

એક્ટિવિસ્ટ ઝોરુ ભાઠેનાએ માગણી કરી છે કે આ પ્રસ્તાવ અંગે વધુ પારદર્શકતાની જરૂર છે. પાલિકા તંત્રએ નાગરિકો સમક્ષ આ પ્લાન ક્યારેય રજૂ કર્યો નથી. આ બાબત બતાવે છે કે પાલિકાને નાગરિકો માટે ખુલ્લી જગ્યા તૈયાર કરવામાં વિશેષ રસ નથી. પાલિકા વધુ જગ્યા ઊભી કરીને વધુ રસ્તા બાંધવા માટે જ ઉત્સુક છે.

### અમરસન્સ, વરલી અને હાજી અલીમાં ત્રણ પાર્કિંગ લૉટ્સ

કોસ્ટલ રોડમાં મુંબઈગરાને ૭૦ હૅક્ટર જેટલી ઑપન સ્પેસ મળવાની છે. મરીન ડ્રાઈવથી નેપિયન્સી રોડમાં પ્રિયદર્શિની પાર્ક સુધી ૨.૦૭ કિમી ટ્વીન ટનલ દેશમાં સમુદ્રની નીચેથી પસાર થતી પહેલી ટનલ બની રહેશે. તે ગિરગામ પાસે અરબી સમુદ્રની નીચે ૧૭થી ૨૦મીટર નીચેથી પસાર થવાની છે. પાલિકાએ પબ્લિક ટ્રાન્સપોર્ટ દ્વારા પ્રવાસ કરતા મુંબઈગરા માટે દસ બસ વે તૈયાર કર્યા છે. પાલિકા અમરસન્સ ગાર્ડન, વરલી અને હાજીઅલી ખાતે ત્રણ ભૂગર્ભ પાર્કિંગ લૉટ્સ બાંધી રહી છે. તેમાં કુલ ૧૮૦૦ મોટરકારને પાર્ક કરી શકાશે. પાલિકાના કોસ્ટલ રોડ પ્રકલ્પના ચીફ ઍન્જિનીયર મન્ટચ્યા સ્વામી કહે છે કે અમારો પ્રવાસ લોકોને સી-ફેસનો ઉપયોગ કરવા પ્રેરવાનો છે. લોકોને સી-ફેસ ઉપર જવાનું ગમે છે પરંતુ વાહનો પાર્ક ક્યાં કરવા એની ચિંતા હોય છે. આ પાર્કિંગ લૉટને કારણે આ સમસ્યા ઉકેલાઈ જશે. તેથી કોસ્ટલ રોડ ફક્ત વાહનોના ઝડપી પ્રવાસ માટેનો રસ્તો નહીં પરંતુ લોકોને ખુલ્લી જગ્યા સુધ્ધાં પૂરી પાડશે. પ્રિયદર્શિની પાર્ક અને વરલી વચ્ચે પાલિકા ૧૬ પેડેસ્ટ્રીયન અંડરપાસ પણ બાંધી રહી છે. આ પેડેસ્ટ્રીયન અંડરપાસ એ લોકો માટે પ્રોમોનેડ સુધી અને બસ બે સુધી પહોંચવા માટેના સબવે જેવું કામ કરશે.

કોસ્ટલ રોડનું લોકાર્પણ આવતા નવેમ્બરમાં કરવાની નેમ રાખવામાં આવી છે. આમ છતાં પાલિકાના અધિકારીઓ કહે છે કે વરલી ઈન્ટરચેન્જ સુધીનો હિસ્સો ત્યાં સુધીમાં તૈયાર થઈ જશે પણ થોડા સો મીટર (જેમાં નવા પુલના કામનો પણ સમાવેશ થાય છે) તેનું કામ મે, ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થઈ જશે. આ પુલનું કામ પણ નવેમ્બર, ૨૦૨૩માં પૂર્ણ કરવાનો ઈરાદો હતો પરંતુ પુલની ડિઝાઈન બે માસ પહેલાં જ બદલવામાં આવી હોવાથી તે કામ પૂર્ણ કરવામાં વધુ સમય લાગ શકે છે.

નવા પુલને કારણે માછીમારોની નૌકાઓને માછલી શોધવા માટે સમુદ્રમાં વધુ જગ્યા પ્રાપ્ત થશે. નવો પુલ 'બૉ-સ્ટ્રીંગ' ગર્ડર બ્રિજ જેવો હશે. પાલિકાના અધિકારીઓને કોસ્ટલ રોડ આવતા નવેમ્બરમાં ખુલ્લો મૂકવાનો વિશ્વાસ છે. આમ છતાં કોસ્ટલ રોડના કામ સાથે જોડાયેલા કેટલાક લોકો માને છે કે આ રસ્તાનું લોકાર્પણ થોડા માસ પાછું ઠેલાઈ શકે છે.

પાલિકાના અધિકારીઓ કહે છે આ કોસ્ટલ રોડનું એકંદર ૭૨ ટકા કામ પૂર્ણ થયું છે. તેમાં એસડબ્લ્યુડી નેટવર્કનું ૯૩ ટકા, પીયુપીનું ૮૩ ટકા, પુલનું ૬૨ ટકા, ઈન્ટરચેન્જનું ૬૦ ટકા તેમ જ રસ્તાનું ૨૮ ટકા કામ પૂર્ણ થયું છે. મરીન ડ્રાઈવ સિવાય અન્ય ભાગોમાં પ્રોમોનેડ બાંધવાનું કામ હજી શરૂ થવાનું બાકી છે. કેટલાંક એન્સીલિયરી કામ પણ હજી પૂરાં થયાં નથી. સૂચિત પાર્કિંગ લોટ્સનું કામ પણ હજી શરૂ થયું નથી. મુખ્ય કેરેજવેનું કામ તૈયાર થાય પછી આ બધાં કામ હાથ ધરાશે.

**ત્રણ ઈન્ટરચેન્જ :** કોસ્ટલ રોડ ઉપર ત્રણ ઈન્ટરચેન્જ-અમરસન્સ ગાર્ડન, હાજીઅલી અને વરલી ખાતે હશે. તેમાં આઠ છેડા ધરાવતા હાજીઅલી ઈન્ટરચેન્જ સહુથી જટિલ હશે. આ ટોલફ્રી રોડને સિગ્નલ ફ્રી રખાશે કે કેમ તે જવાનું છે.

**અમરસન્સ ગાર્ડન :** કોસ્ટલ રોડ ઉપર પ્રથમ ઈન્ટરચેન્જ બ્રીચકેન્ડીમાં અમરસન્સ ગાર્ડન પાસે બાંધવામાં આવી રહ્યો છે. તેના ચાર છેડા (આર્મ્સ) છે. ત્રણેય ઈન્ટરચેન્જમાં આ સહુથી સરળ છે. તેના બધા છેડાની કુલ લંબાઈ ૧.૪ કિલોમીટર છે.

**હાજીઅલી :** કોસ્ટલ રોડ પ્રકલ્પમાં સહુથી મોટો ઈન્ટરચેન્જ હાજીઅલી છે. આ ઈન્ટરચેન્જને દેશના 'ઈજનેરી પરાક્રમ' સમાન કહી શકાય. તેના બધા છેડાની કુલ લંબાઈ ૯.૮ કિલોમીટર છે.

**વરલી :** કોસ્ટલ રોડનો ત્રીજો અને અંતિમ ઈન્ટરચેન્જ વરલી ખાતે હશે. તેના બધા છ છેડાની કુલ લંબાઈ ૪.૫ કિ.મી. છે.

### મુંબઈનો આ નવો ફ્રી-વે આંકડામાં

| | |
|---|---|
| કોસ્ટલના પ્રથમ તબક્કાની લંબાઈ :- | ૧૦.૬ કિ.મી. |
| મરીન ડ્રાઈવથી વરલી સુધીનો હિસ્સો :- | પ્રથમ તબક્કો |
| દરિયો પૂરી મેળવાયેલી જમીન :- | ૧૧૧ હેક્ટર |
| હરિયાળી-આનંદપ્રમોદ માટેની જગ્યા :- | ૭૦ હેક્ટર |
| કોસ્ટલ રોડના ઈન્ટરચેન્જ :- | ત્રણ |
| ઈન્ટરચેન્જની લંબાઈ :- | ૧૫.૭ કિ.મી. |
| { લૅનસ :- | ૪+૪=૮ |
| ટનલમાં :- | ૩+૩=૬ |
| { કેરેજ-વે :- | ૧૭ મીટર |
| ટનલમાં :- | ૯.૬ મીટર |
| પ્રોમોનેડ :- | ૮.૫ કિ.મી. લંબાઈમાં. આઠ મીટર પહોળાઈ |
| દરિયા પાસે દીવાલ :- | ૭.૫ કિ.મી. |
| બસ બૅયસ :- | દસ. |
| અંડર ગ્રાઉન્ડ પાર્કિંગની ક્ષમતા :- | કુલ ૧૮૦૦ કાર |
| વેહિકલ અંડરપાસ :- | એક |
| પોલીસચોકી :- | બે |
| પેડેસ્ટેરીયન અંડરપાસ :- | ૧૬ |
| પ્રકલ્પ માટે કેટલા સત્તાવાળાની પરવાનગી લેવાઈ :- | ૧૯ |
| આ પ્રકલ્પને લીધે વરસે કેટલા કાર્બન ફૂટ પ્રીન્ટનો ઘટાડો થશે :- | ૧૮૨૬ ટન |
| મરીન ડ્રાઈવ-વરલી વચ્ચે પ્રવાસમાં કેટલું ઈંધણ બચશે :- | ૩૪ ટકા |
| પ્રકલ્પનો કુલ ખર્ચ :- | રૂા. ૧૨,૭૨૧ કરોડ |

## મુંબઈની સહુથી ઊંડી ટનલ

### ગિરગામ ચોપાટીથી પ્રિયદર્શિની પાર્ક સુધી



કોસ્ટલ રોડમાં ઈજનેરી ક્ષેત્રની મહત્ત્વની સિદ્ધિ કહી શકાય એવો હિસ્સો ગિરગામ ચોપાટીથી નેપિયન્સી રોડ ઉપર પ્રિયદર્શિની પાર્ક સુધી બે કિ.મી. લાંબી ટ્વીન ટનલ છે. તે આંશિક રીતે સમુદ્રની નીચેથી પણ પસાર થાય છે. આ ટનલ બાર મીટરનો વ્યાસ ધરાવતા સહુથી મોટા ટનલ બોરિંગ મશીનની મદદથી બાંધવામાં આવી છે. ભારતમાં હજી સુધી આટલા મોટા વ્યાસ ધરાવતું બોરિંગ મશીન વાપરવામાં આવ્યું નથી.

આ ટ્વીન ટનલ બાંધવા માટે મલબાર હિલ રિઝર્વોયર આવેલું તે ટેકરીની નીચે મોટા પ્રમાણમાં ખોદકામ કરવામાં આવ્યું હતું.

બાંધકામ : આ ટનલ ખોદવા માટે ૨.૮ મિલિયન (દસ લક્ષ્ય) ક્યુબિટ મીટર માટી-પથ્થર ખોદી કાઢવામાં આવ્યા હતા. આ માટી-પથ્થરનો ઉપયોગ દરિયાકાંઠે જમીન ભરવા માટે તેમ જ બાંધકામના હેતુસર કરવામાં આવ્યો હતો. આ ખોદકામની કામગીરીને સરળ બનાવવા માટે સમુદ્રકાંઠે ૪૦ મીટર પહોળો રસ્તો બાંધવામાં આવ્યો હતો.

આગ પ્રતિબંધાત્મક ઉપાય : આ ટનલમાંથી પસાર થતાં વાહનોને આગના જોખમ સામે રક્ષણ કરવા માટે અત્યાધુનિક અગ્નિ પ્રતિબંધાત્મક પ્રણાલિ બેસાડવામાં આવી છે. આ પ્રણાલિમાં ફાયર ડિટેક્ટર, સ્પ્રિન્કલરર્સ અને પાણીપુરવઠાનો સમાવેશ થાય છે. આ પ્રણાલિ મિનિટમાં ૯૦૦૦ લિટર પાણી પૂરું પાડી શકવાની ક્ષમતા ધરાવે છે.

ઈજનેરી પરાક્રમ : કોસ્ટલ રોડ પ્રકલ્પ એ આપણા ઈજનેરોની અનેરી સિદ્ધિ છે. આ પ્રકલ્પને લીધે મુંબઈના ઉત્તર અને દક્ષિણ હિસ્સામાં વાહનોની અવરજવર સરળ બનશે. ઈજનેરી પરાક્રમ સમાન આ ટનલ બાંધવામાં મળેલી સફળતા પછી આગામી સમયમાં દેશમાં અન્ય સ્થળોએ આ પ્રકારની ટનલ બંધાય એવી વકી છે.

ટનલની વિશિષ્ટતાઓ : મલબાર હિલની ટેકરીની ઊંચાઈ જમીનથી ૫૦ મીટર ઊંચી છે. આ ટનલ જમીનથી ૨૫ મીટર ઊંડે છે. આ ટનલ ગિરગામ ચોપાટીની ૨૫ મીટર નીચેથી પસાર થાય છે.

# મુંબાદેવી કૉરિડોરનો વિકાસ ક્યારે ?



છેલ્લાં કેટલાંક વર્ષોમાં મહારાષ્ટ્રમાં પંઢરપુર, શિરડી અને ગણપતિ પુળે જેવાં મંદિરોનો અને તેના આસપાસના પરિસરને વિકસાવીને ભાવિકોને વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં કાશી વિશ્વનાથ અને મધ્યપ્રદેશમાં મહાકાલના મંદિરોના પરિસરને વિકસાવીને શ્રદ્ધાળુઓને સગવડો અપાઈ છે. તે જ રીતે ભાજપના મહારાષ્ટ્ર એકમના ઉપાધ્યક્ષ અને રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન રાજ કે. પુરોહિત છેલ્લાં કેટલાંક વર્ષથી મુંબાદેવી પરિસરને વિકસાવવા સતત પ્રયત્નશીલ છે. તેમણે આ હેતુસર મહારાષ્ટ્ર સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી છે.

પાલિકામાં એકવાર અને વિધાનસભામાં કાલબાદેવી પરિસરનું પાંચવાર પ્રતિનિધિત્વ કરી ચૂકેલા રાજ કે. પુરોહિત મુંબાદેવી મંદિર પરિસરના ઉત્થાન માટે વિસ્તૃત વિઝન અને સંકલ્પના ધરાવે છે. આ વિસ્તારથી, રહેવાસીઓથી અને મુંબાદેવીમાં દર્શન-પૂજન માટે આવતા ભક્તોની સમસ્યાઓથી સુપેરે વાકેફ છે. રાજ પુરોહિત કહે છે કે વડા પ્રધાન મોદીએ અયોધ્યામાં શ્રીરામ ભવ્ય મંદિરના નિર્માણનું કામ આદર્યું છે. કાશી વિશ્વનાથ મંદિરની આસપાસ અતિક્રમણ હટાવીને આખા કોરિડોરને સુવ્યવસ્થિત પર્યટનસ્થળ તરીકે રૂપાંતરીત કર્યો છે. તે પ્રકારે મહારાષ્ટ્રમાં શિવસેના-ભાજપની સરકારે મુંબઈ શહેરનું નામ જેના ઉપરથી પડ્યું છે તે મુંબાદેવી મંદિર પરિસરને વિકસાવવો જોઈએ.

મુંબાદેવી પરિસરને વિકસાવવાની સંકલ્પના રજૂ કરતાં રાજ પુરોહિતે જણાવ્યું હતું કે આ મંદિરની ઉત્તર બાજુએ પાલિકાની શાળા હતી. તેની ઈમારત જર્જરિત થઈ જતાં તે તોડી પાડવામાં આવી હતી. તે પ્લોટની બાજુમાં બગીચો છે. તે બધી જગ્યા ૬૦૧૫ ચોરસ મીટર જેટલી થાય છે. આ જગ્યાનો ઉપયોગ કરીને મુંબાદેવી પરિસરને વિકસાવી શકાય એમ છે. નવરાત્રી અને દિવાળી જેવા તહેવારોમાં મંદિરના દર્શનાર્થીઓની કતાર કેટલીકવાર ક્રાફર્ડ માર્કેટ અને મરીનલાઈન્સ સ્ટેશન સુધી પહોંચી હોવાનું પણ જોવા મળ્યું છે. આ દિવસોમાં દરરોજ સરેરાશ ૭૫,૦૦૦થી એક લાખ ભાવિકો દર્શન માટે આવે છે. આ મંદિરમાં દરરોજ આઠથી દસ હજાર ભાવિકો તેમ જ રવિવારે કે રજાના દિવસોએ લગભગ ૨૫,૦૦૦ ભાવિકો આવે છે. આ મંદિરની આસપાસનો પરિસર રજાના દિવસો સિવાય વેપારી પ્રવૃત્તિઓથી ધમધમતો હોય છે. આ પરિસરને વિકસાવવા માત્ર ઉત્તર તરફનો ખાલી પ્લોટ જ ઉપયોગી નીવડી શકે.

મુંબાદેવી મંદિરની બાજુમાં પ્લોટ ઉપર બહુઉદ્દેશીય બહુમાળી ઈમારત બાંધવી જોઈએ. આ મંદિર પરિસરમાં બજારોમાંની ભીડને લીધે પાર્કિંગની સમસ્યા ગંભીર છે. તેથી બહુમાળી ઈમારતના ભૂગર્ભમાં ચાર માળમાં વાહનોના પાર્કિંગની સુવિધા ઊભી કરવી જોઈએ. બાદમાં પહેલા માળે પૂજાસામગ્રીની દુકાનો, બીજા માળે લગ્ન, જનોઈ અને સગાઈ જેવી ધાર્મિક-સામાજિક વિધિ માટે સભાગૃહ, ત્રીજા માળે અભિષેક, પૂજા અને ધાર્મિક પ્રવચન માટે સભાગૃહ, ચોથે માળે વિદેશી પર્યટક, વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ માટે વિશ્રામગૃહ, પાંચમા માળે પ્રસાદ વિતરણની વ્યવસ્થા અને ઉપહાર ગૃહ, છઠ્ઠા માળે મંદિરના પૂજારીઓ અને સ્ટાફ માટે વિશ્રાંતિ ગૃહ, સાતમા માળે મંદિર વ્યવસ્થાપન કચેરી અને સીસીટીવી કૅમેરા કેન્દ્ર, આઠમા માળે અત્યાધુનિક દવાખાનું અથવા હૉસ્પિટલ, નવમા માળે ધાર્મિક પુસ્તકોનું વાંચનાલય અને ધર્મસંબંધી બાબતોનું સંશોધન - અભ્યાસ કેન્દ્ર તેમ જ દસમા માળે મુંબાદેવીના મંદિર અને શિખરનું દર્શન, સેલ્ફી પોઈન્ટ અને પ્રેક્ષક ગેલેરી રાખવી જોઈએ. તિરુપતિ બાલાજીના મંદિરમાં છે એ રીતે ૧૧થી ૨૦મા માળ સુધી પ્રત્યેક માળ ઉપર વિવિધ સુવિધા ધરાવતી ભાવિકોની કતાર હોવી જોઈએ. તેના કારણે ભાવિકોને ભરરસ્તા વચ્ચે કાળઝાળ ગરમી કે વરસાદમાં કતારમાં ઊભા રહેવાની હાડમારીમાંથી મુક્તિ મળશે. દર્શન માટેની કતાર પાસેની ભીંત ઉપર દેવ-દેવીઓના તૈલચિત્ર અને શિલ્પ (મ્યુરલ) બનાવવામાં આવે. તેથી ભાવિકો ભક્તિમય વાતાવરણમાં મુંબાદેવીના દર્શન કરી શકે.



## સ્વયં સિદ્ધા સન્નારી

# રમા હર્ષદ શાહની ૯૦ વર્ષની સોનેરી સફર

**જન્મદાતા :** માતુશ્રી મુક્તાબેન, પિતાશ્રી બાબુભાઈ વોરા. પ્રણામ માતા-પિતાને જેમણે ગળથૂથીમાં પ્રેમના, ત્યાગના, કર્તવ્યનિષ્ઠાના સંસ્કાર રોપ્યા, આધ્યાત્મિકતાના બીજ રોપ્યા. ક્રૂર વિધાતા, પાંચીકડે રમવાની કાચી ઉંમરમાં પાંચ બાળકની માતા મને બનાવી ગઈ.

કોઈ ખભો ખાલી ન હતો, જ્યાં માથું ઢાળી રડી શકું.

પંદરમે વર્ષે શિક્ષિકા. ફક્ત SNDTની (મેટ્રીક જેવી) exam આપેલી. Unaided School, પંડિત રત્નચંદ્રજી જૈન કન્યાશાળામાં. પૂ. યશોદાબેનના માર્ગદર્શનથી. ઘરકામ - બે ટ્યુશન, શાળામાં નોકરી, સાથે સાથે external exams આપવાની.

શાળામાં શાળા છૂટયા પછી ઘંટ નીચે પૂ. યશોદાબેન માર્ગદર્શન આપે. B.A.B.Ed કર્યું. પૂ. યશોદાબેનની દીર્ઘદૃષ્ટિ- ગરીબ છોકરીઓ SNDT. મુંબઈ સુધી ભણવા જઈ ન શકે. તેથી ઘાટકોપરમાં SNDTનું affiliation લઈ વર્ગો શરૂ કર્યા. રમાબેન પ્રથમ વિદ્યાર્થી, પ્રથમ પ્રોફેસર, અનેક અભાવો, પુસ્તકો નહીં. પૈસા નહીં.

વાસ્તવિક્તાનો સામનો કરવાનો હતો. વિકલ્પ ન હતો. ઊંચા મોટા સપના ન હતા. અનેક અભાવો, વિટંબણાઓ વચ્ચે પણ સંતોષ હતો. ધરવ હતો. આત્મસન્માન હતું. હાથ લાંબો કર્યો નથી. ખુદ્દારી અને ખુમારીથી જીવ્યા.

રમાબેન જણાવે છે કે 'પૂ. યશોદાબેને હર્ષદભાઈ સાથે ઓળખાણ કરાવી. એમની સાથે લગ્ન કરવા સમજાવી. મામા-



માસી સૌએ સાથે મળી પરણાવી દીધી. જોકે મારા બધા ભાઈબહેનોએ ભણી લીધું હતું જવાબદારી સંપૂર્ણપણે બજાવી લીધી હતી.

અમારા બંને વચ્ચે અનેક તફાવત. રૂપરંગ, દેખાવ, આર્થિક અસમાનતા, ભણતર સ્વભાવ તદ્દન અલગ. મારો એક જ Plus Point. મારી પાસે ભણતર-ડિગ્રી. અજાણ્યા માણસો, અલગ રીત રિવાજ, પણ સ્વભાવમાં સ્થિરતા, ધીરતા, એડજસ્ટમેન્ટનો સ્વભાવ. તેથી બંનેની જોડી જામી. પરસ્પર અતૂટ વિશ્વાસ, રીસ્પેક્ટ આદરભાવ, બહુ મોટો પરિવાર- પ્રેમાળ પરિવાર મળ્યો. હેતાળ જીવનસાથી મળ્યો. હમસફર, હમદમ. હાથમાં હાથ મીલાવી, જીવનરથ હંકાર્યો. દેશ વિદેશ ઘૂમ્યા.

શાળાની નોકરી છોડી પતિ સાથે બિઝનેસમાં જોડાઈ. પ્રીન્સેસ સ્ટ્રીટ પર 'ઓનેસ્ટી સાયન્ટીફિક કોર્પોરેશન' પ્રોપ્રાયટરી બિઝનેસ શરૂ કર્યો, સાયન્ટીફીક ઈન્સ્ટ્રુમેન્ટ્સનો ૩૦મે વર્ષે - ખૂબ પરિશ્રમ કર્યો, કમાવા, પચાસમે વર્ષે રીટાયર થઈ ગયા, ધંધો સમેટી લીધો. સેવાના કાર્યમાં ખૂંપી ગયા.

ઘણું કમાયા, વસાવ્યું, ભોગવ્યું, પણ આસક્તિ વિના લપેટાયા વિના. ભગવાનનો ભાગ કાઢી, દાનધર્માદો કરતા ગયા. કામ કામને શીખવે. કોઈ કોલેજમાં ગઈ નથી. સી.એ. નથી, છતાં હિસાબ લખવો, ઈન્કમટેક્સ, સેલ્સટેક્સ, ચેરિટી કમિશનરની ઓફિસમાંકામ પતાવવું. બેલેન્સ શીટ બનાવવી. શીખી ગઈ, Perfectionની આગ્રહી. એ સ્વભાવ, એ અનુભવ આજે સમાજસેવાના ક્ષેત્રમાં સંચાલન કરવામાં એ કામ લાગે છે.

નાટક, પિક્ચર વગેરે મનોરંજન નહીં. ફક્ત કર્તવ્ય, કર્મયોગ- સવારે પાંચ વાગે દિવસ ઊગે રાત્રે નવ વાગે આથમે, મારે ભોગવવું પડ્યું એવું દુઃખ, એવા અભાવો કોઈને ન નડે એ ભાવનાથી સમાજસેવાના ક્ષેત્રમાં આવ્યા. સેવા, ધર્મ, મોટું નામ નથી આપવું. મારું કર્તવ્ય, મારી ફરજ, સમાજ પ્રત્યેનું ઋણ ચૂકવવાની ભાવના.

અમને કોઈ સંતાન ન થયું. જેવી ઈશ્વરની મરજી. સ્વીકારી લીધું. ઈશ્વરને નિહિત હશે. એક બે બાળકની મા બનવા કરતાં અનેકોની મા બની શકી, માતૃત્ત્વ સંતોષાયું. અનેક વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થયા. અનેકના કન્યાદાન આપ્યા.

**મેડિકલ કેમ્પ :** ગામેગામ યોજીએ. જનસંપર્ક વધતો ગયો. down to earth લોકોની મુસીબતો જાણી, સમજી, યથાશક્તિ મદદ કરતા થયા. શું સાથે લઈને આવ્યા છીએ. જેમ જેમ



આપીએ તેમ તેમ Plus થતા જઈએ છીએ. કશું ઘટતું નથી. વ્યારાની હોસ્પિટલમાં કેન્ટીન, સભાગૃહ, ફીઝીયોથેરેપી સેંટર માટે દાન આપ્યું.

આદર્શ પુત્રી, પત્ની, સફળ બિઝનેસ વુમન, જે જે પાત્ર મળ્યા, સારી રીતે ભજવ્યા. સફળતાપૂર્વક. જ્ઞાતિનું મુખપત્ર 'સમસ્ત લાડ મિત્ર'નું તંત્રીપદ, પ્રકાશન પોસ્ટિંગ વગેરે છેલ્લાં પચાસ વર્ષથી કરીએ છીએ. પત્રકારત્વ ખીલ્યું. લેખન કળા વિકસી. નાનપણમાં ઈસપની નીતિકથાઓ, વગેરેની વાર્તાઓ થકી ચારિત્ર્ય ઘડતર થયું, લખતા લહિયો થવાય. સમાજશ્રેષ્ઠી, સાહિત્યકારોનો સંપર્ક વધ્યો. ૬૫ વર્ષની વયે સૌ પ્રથમ કાવ્ય પુસ્તકનું વિમોચન થયું. પૂ. ચંદુભાઈ સેલારકા, જયવંતીબેન કાજી, શોભિત દેસાઈ, નલિનીબેન માંડગાવકર, પ્રો. અશ્વિન મહેતા વગેરેનું માર્ગદર્શન, સહકાર મળ્યા.

'પ' આદ્યાક્ષરથી ૧૫૨ પુસ્તકોનું પ્રકાશન થયું. ૫ વખત લીમ્કા બુક્સ ઓફ રેકોર્ડ્ઝમાં નામાંકન થયું. એક વર્ષમાં બે હાયકુ બુક્સ લખી, લગભગ ૫૦૦૦ જેટલા હાયકુ લખ્યા. 'પ' એટલે પરમ સુધી પહોંચવાનું લક્ષ્ય.

### પંચ પરમેષ્ટી

પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીજીના અનુગ્રહથી ભાગવત ગીતા, શોડ્ષ ગ્રંથ શીખી, જ્યાં જ્યાંથી જે જે મળ્યું. ગ્રહણ કર્યું, વાંચ્યું, વિચાર્યું, વાગોળ્યું, વલોવ્યું, પચાવ્યું, નવનીત નિતારી પ્રભુચરણે ધર્યું.

શબ્દો શોધવા પડતા નથી. મા સરસ્વતીજીની કૃપા, મહેરબાની.

નરસિંહ, મીરાં, કબીર, અખો-એ બધાની કૃતિઓ વાંચી, જીવન પર એની ઘેરી અસર પડી. પાયોજી મૈંને રામ રતન ધન પાયો.

ગીતાજી મારા માટે પવિત્ર માર્ગદર્શક ગ્રંથ. કોઈ પ્રશ્ન ઊઠે, કોઇ પણ પાનું, અધ્યાય, ખોલો, જવાબ મળી જાય. પ્રશ્ન ઉકલી જાય. બહુ ઝાઝું શાસ્ત્રોનું જ્ઞાન નથી. ખોબો ભરીને નહીં પણ ચાંગળું પાણી ચાખ્યું છે. નિષ્કામભાવે સેવા કરવી છે, અપેક્ષા રાખ્યા વિના.

**દેવાયતે તુ કુલે જન્મ, મદાયતે તુ પૌરૂષમ્.** ક્યાં જન્મ લેવો એ આપણા હાથમાં નથી. ઈશ્વરના હાથમાં છે. ક્યા કર્મો કરવા, પુરુષાર્થ કરવો એ આપણું કર્તવ્ય. સ્વયં ભાગ્ય વિધાતા - બનવું, હાથમાં યશરેખા સ્વયં દોરવી.

ઘાટકોપરની ચાલી સિસ્ટમની એક અબુધ, અનાથ બીકણ છોકરી આજે પ્રગતિના સોપાન સર કરી, અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકી એનું મને ગૌરવ છે. ઈશ્વર કૃપા છે. લોકો પૂછે છે. નેવું વર્ષે તંદુરસ્તી, કાર્યશીલતાનું રહસ્ય રાજ-શું છે? ઘી, દૂધ, બદામ ખાધા નથી. મનમાં સ્થિરતા, ધીરતા, સંયમ પૂર્વકનું જીવન, સમતા ભાવ અને અનેક લોકોની દુઆઓ થકી આટલી મોટી ઉંમરે હજુ કાર્યશીલ રહી શકી છું.

પાપ-પુણ્યની ખબર નથી. સ્વર્ગ નરકની ચિંતા નથી.

ફક્ત માનવ અવતાર સાર્થક સફળ કરી લેવો છે. જીવનમાં કોઇ અફસોસ નથી. આત્મ સંતોષ છે. સારી રીતે જીવતર જીવ્યાનો.

સતત મારી જાત સાથે જીવું છું. એકલતા નથી સાલતી. હું ને મારા કાગળો-બોલપેન-મારા સંગાથી. હાથમાં કલમ હોય અને ડોકી ઢળી પડે એવું મોત માગું છું.

પતિ હર્ષદભાઈની બીમારી, પરિષદની જવાબદારી, બધું સહજ રીતે સરળતાથી પાર કરી શકી એક નિષ્ઠાથી. દેહની નશ્વરતા સમજાઈ ચૂકી છે. કશું સાથે આવવાનું નથી. સંસાર સાગરમાં મારું અસ્તિત્વ કેટલું? બિંદુ જેટલું- હું નાનું શું ટમટમતું કોડિયું- નાના શા આગિયા જેવડું.

સમાજે મારી કદર કરી. 'લાડ રત્ન', 'લાડ વિભૂષણ', 'જ્વેલ લાડ એવોર્ડ' (અમેરિકા), 'ઝાંસીની રાણી', 'આધુનિક ભામાશા' વગેરે વિશેષણો મળ્યા.

પૂર્વ જન્મના સંસ્કાર, માતાપિતાએ વાવેલા સંસ્કાર બીજ, કૂંપળો ફૂટી, સંવર્ધન કર્યું. વટવૃક્ષ બની વિસ્તરી રહ્યું છે. **કેટલું જીવ્યા? નેવું વર્ષ.** વર્ષોનું મહત્ત્વ નથી. કેવું જીવ્યા એ અગત્યનું છે. માનવજીવન સાર્થક કરવા શું શું કર્યું? કોઈના આંસુ લૂછ્યાં? હમદર્દ બનીને? તું જ તારો દીવો થા, અપ્પો દીપ ભવ. જ્યોત સે જ્યોત જગાતે ચલો, પ્યારકી ગંગા બહાતે ચલો.

**કોણે આપી આ પ્રેરણા?** કોણે કરાવ્યું આ સઘળું. કર્તા કોઈ બીજો છે. મને નિમિત્ત બનાવી છે. વણજહાજે દરિયાને તરવા, બાહુબળ કોણે પૂર્યું? વણદીવે અંધારે જોવા, આંખોમાં તેજ કોણે પૂર્યું?

***વાદળી જેમ વરસવું છે,***
***ખાલી થઈ જવું છે***
***મારું હતું શું?***
***કોઈએ લખાવ્યું મેં લખ્યું.***
***કોઈએ કરાવ્યું. મેં કર્યું.***



***સ્વર્ગની, મોક્ષની આકાંક્ષા નથી.***
***ફરી ફરી માનવ અવતાર,***
***વૈષ્ણવ કુળમાં જન્મ ધરવો છે.***
***ઈશ્વર પ્રત્યે અતૂટ આસ્થા, શ્રદ્ધા છે.***
***દેઢ ઈન ચરણન કેરો ભરોસો.***

***મારી પીડા-મારી વ્યથાને મારે આનંદ સુધી લઈ જવા છે.***
***સૂકી રેતીમાં પણ માછલીની જેમ તરતા શીખવું છે.***
***દરિયો ખેડતા શીખવું છે, ભવસાગર પાર ઉતરવા.***
***જીવતા શીખવું છે. આજીવન વિદ્યાર્થી રહેવું છે.***

### સિદ્ધિ

વિશ્વ લાડ પરિષદના કાર્યકર તરીકે ભારતભરના વિવિધ ગામો- મુંબઈ, સુરત, વલસાડ, ભરુચ, જંબુસર, અમદાવાદ, વડોદરા, ડભોઈ, વિભાગ, ખાનદેશમાં બુરહાનપુર. તલોદા, ધુળિયા, જલગામ, શિરપુર તથા નાગપુર વગેરે સ્થળોના લોકોનો જનસંપર્ક વિપુલ પ્રમાણમાં સાધી શક્યા છીએ. પરિષદના પ્રમુખપદે નિયુક્ત થયા પછી આ સંપર્ક વિશેષ ગાઢ થયા છે. (સમસ્ત લાડ મિત્ર) નવું રજિસ્ટ્રેશન 'લાડ દર્પણ' થકી ગામે ગામ વચ્ચે સમાજનો સેતુ સધાયેલો રહ્યો છે. લાડ મિત્રનો પર્યાય એટલે જાણે હર્ષદભાઈ - રમાબેન. જાઓ કામ કરોને બદલે ચાલો સાથે મળી કામ કરીએ એવી નીતિ અપનાવી છે.

### મારા જીવનના સૌથી યાદગાર પ્રસંગો

મલાડમાં રીડેવલપ કરાયેલા મકાન-વાડીનું નવનિર્માણ થવાથી 'રમા હર્ષદ ભવન'નું તા. ૧૩-૧૦-૧૩ના રોજ મલાડ ભવનનો ઉદ્ઘાટન મહોત્સવ યોજાયો. વાડીનું ડેકોરેશન ભવ્ય હતું. માનનીય દાતાશ્રીઓ, વડીલો, મિત્રો, શુભેચ્છકોનો મેળો ભરાયો. મરાઠી તૂરી અને ભેરીના નાદથી વાતાવરણ ઉલ્લાસમય થયું. હર્ષદભાઈ - મારે હસ્તક 'રમા હર્ષદ ભવન' તકતીનું અનાવરણ થયું. ભવનના દ્વારનું ઉદ્ઘાટન થયું. રમા - હર્ષદ - ધનસુખભાઈના સ્ટેચ્યુનું અનાવરણ થયું. સૌ કોઈ ભાવવિભોર બન્યા. મુખ્ય દાતા હર્ષદભાઈ - રમાબેનનું સવિશેષ સન્માન થયું. તા. ૧૦-૧૧-૧૩નો રવિવારનો દિવસ મારા માટે અતિ રોમાંચક, ગૌરવપ્રદ ધન્યતાનો અહેસાસ કરાવનાર દિવસ હતો. વડોદરા મુકામે ડભોઈ દશા લાડ ન્યાત સમસ્તના નેજા હેઠળ, મારા બે સગા ભાઈ સમા શ્રી અંબાલાલ શાહ તથા શ્રી કનૈયાલાલ મઠિયાના યજમાનપદે મારી પ્રમુખ તરીકે નિયુક્તિ-વરણી કરવામાં આવી.



જાણે લગ્નપ્રસંગ ઉજવાઈ રહ્યો હોય એવું ભવ્ય વાતાવરણ હતું, બે ઘોડાની શણગારેલી બગીમાં શોભાયાત્રા, સન્માનયાત્રા, બેન્ડવાજા સહિત કાઢવામાં આવી. આગળ ગામ પરગામથી પધારેલા જ્ઞાતિધન્ય શ્રેષ્ઠિઓ, ગરબે ઘૂમતું નારીવૃંદ. આતશબાજી, અને જયજયકાર, ઉપરથી ગુલાબપુષ્પની પાંખડીઓની વર્ષા કરી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. મંગળમય વાતાવરણ રચાયું.

પૂ.પાદ ૧૦૮ ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજી તથા પૂ.પાદ વાગીશબાવાશ્રીના આશીર્વાદ સાથે મારી પ્રમુખપદે નિયુક્તિ થઈ. પુષ્પગુચ્છો, પુષ્પમાળાઓ અને શુભેચ્છાઓનો જાણે વરસાદ વરસ્યો. લોકોની પ્રેમવૃષ્ટિથી અમે તરબતર થઈ ગયા. આજે સૌથી વિશેષ ખુશી હતી મારા જીવનસાથી હર્ષદભાઈને. મારી અનેકાનેક સામાજિક, ધાર્મિક, સાહિત્યિક પ્રવૃત્તિઓમાં એમનો સહકાર અનન્ય રહ્યો. મનમાં હરખ હતો, ઉલ્લાસ હતો, પણ સાથે સાથે જવાબદારીનો અહેસાસ હતો. આત્મવિશ્વાસ હતો. હાથે કરીને કાંટાળો તાજ પહેરવાની હિંમત કરી. રેતીમાં વહાણ ચલાવવાનું હતું.

પ્રભુ પ્રાર્થના કરતી રહી, પ્રભુ તેં મને જનહિતના કાર્યો કરવા નિમિત્ત બનાવી. Big Big Thank you.

મારી સર્વ સફળતાનું શ્રેય મારા જીવનસાથી હર્ષદભાઈને આપું છું. તેમણે મારી કદર કરી, મને અગ્રેસર કરી, પ્રોત્સાહન આપ્યું. He was a man behind my every success.

અમે જીવનભર કદમેકદમ મિલાવી ચાલ્યા, હમસફર રહ્યા, Simple living and high thinkingએ જીવનમંત્ર. સાદગીભરી, કરકસરયુક્ત જિંદગી, middle class mantality. કોઈ કંજુસ કહે ભલે, સમાજ કલ્યાણ અર્થે જનહિતાર્થે સઘળું ન્યોચ્છાવર કરી દીધું. જીવતા જગતીયું કરી લીધું. સંપત્તિનું વિસર્જન કરી પરજીવનનું ભાથું બાંધી તા. ૮-૧-૧૬ના રોજ તેમણે સ્વસ્થતાપૂર્વક જીવનલીલા સંકેલી લીધી પછી સ્વર્ગસ્થ ના થાયે કદી જે હૃદયસ્થ થઈ જાય.

રમાબેન જણાવે છે કે ***'દો હંસો કા જોડા બિખર ગયો રે....'***

### વિશ્વ લાડ પરિષદ

૨૦૧૩માં વિશ્વ લાડ પરિષદનું પ્રમુખપદ સ્વીકાર્યું. નાથદ્વારા, લોનાવલા, પંચગીની સ્થળે સેનેટોરિયમનું સમારકામ કરાવ્યું.



વિશ્વ લાડ પરિષદ સંચાલિત (રમા હર્ષદ ભવન, મલાડ)

મલાડ 'રમા હર્ષદ ભવન' માટે સારસ્વત બેન્કની લોન રા. ૨.૫૦ કરોડ, કેટરરની લોન રા. ૨,૫૦ કરોડ ચૂકવી, પ્રોજેક્ટનો કબજો મેળવ્યો. પ્રોપર્ટી ટેક્સનો વિકટ પ્રશ્ન ઉકેલ્યો. બધી પ્રોપર્ટી Schedule Oneમાં દાખલ કરાવી. minus level પરથી સંસ્થાને Plus Level પર લાવવા ભગીરથ પ્રયત્નો કર્યા. આજે સંસ્થાનો સુવર્ણકળશ ચમકી રહ્યો છે. સંસ્થાનો ધ્વજ આકાશમાં લહેરાઈ રહ્યો છે.

સંસ્થા દ્વારા મેડીકલ, એજ્યુકેશનલ મદદની બંધ પડેલી પ્રવૃત્તિઓ ફરી ધમધમતી થઈ છે.

રમાબેન પોતાની જાતને માટે ધન્યતા અનુભવે છે.

***'મહેકે મીઠો મોગરો ને વન ચંપાના ફૂલ***
***કીર્તિ જેની ચૌદિશે, એવા માનવ મહામૂલ.'***

### શ્રીમતી રમાબેન હર્ષદભાઈ શાહના પુસ્તક 'પુષ્પ પરાગ' હાયકુ-૨નું વિમોચન




**શ્રી કડોદ વ્યારા લાડ મિત્ર મંડળનો વાર્ષિક સ્નેહમિલનનો તથા સારસ્વત સન્માનનો કાર્યક્રમ બોરીવલી, એમ્ફી થિયેટર ખાતે યોજાયો. સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના ડો. યોગેશ શાહની હતી. અતિથિ વિશેષ તરીકે શ્રી નવીનભાઈ દવે (ઈમેજ પબ્લિકેશન) શ્રી દિનકરભાઈ જોષી, (પ્રખર સાહિત્યકાર) શ્રી જે.જે. રાવળ (ખગોળશાસ્ત્રી), શ્રી અશ્વિનભાઈ મહેતા (પૂર્વ અધ્યાપક- મીઠીબાઈ કોલેજ), શ્રી હીરેન મહેતા (તંત્રી-ચિત્રલેખા) પધાર્યા હતા. સ્નેહમિલન બાદ અતિથિવિશેષોનું સન્માન કરાયું. તેમના કથનો રસપૂર્વક રહ્યાં. સમાજના આધારસ્તંભ સમા શ્રીમતી રમાબેન હર્ષદભાઈ શાહના પુસ્તક 'પુષ્પ પરાગ' હાયકુ-૨નું વિમોચન કરવામાં આવ્યું. લગભગ ૪૦૦૦થી વધુ હાયકુ લખવાનો રેકોર્ડ એમના નામે છે. એમણે 'પ' આદ્યાક્ષરથી કુલ ૧૫૨ પુસ્તકોનું પ્રકાશન કર્યું છે. લીમ્કા બુક ઓફ રેકોર્ડ્ઝમાં પાંચ વખત નામાંકન થયું છે. વિશ્વ લાડ પરિષદના પ્રમુખ તરીકે તેઓ કુશળતાપૂર્વક સંચાલન કરે છે. તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું.**

### બધા પ્રશ્ન પૂછે છે 'પ' કેમ?

જીવનનું લક્ષ્ય 'પરમપદની પ્રાપ્તિ' - પરમપંથની સાધના, પરમતત્ત્વનો 'પ' - પ્રસન્નતાનો ૫ - પરોપકારનો ૫- પુસ્તકોનો ૫, પ્રેમનો ૫, પંચ તત્ત્વનો ૫ - પ્રભુતાનો ૫, પરમેષ્ઠીનો ૫, પ્રકૃતિનો ૫, - પરિવારનો ૫, પ્રવાસનો ૫, પુરુષાર્થનો ૫, પ્રારબ્ધનો ૫, સારેગમપધનીસામાં પાંચમો અક્ષર ૫. આમ 'પ' અક્ષરનું પ્રભુત્વ મારા પર છે. મારા બ્લડ ટેસ્ટમાં પ્લાઝમામાં 'પરોપકારનો ૫' વહેતો દેખાય છે. પ્રેમનો 'પ' વણાયેલો છે. આ 'પ' અક્ષરે મને પાંચમાં પૂછાતી કરી. સાહિત્ય જગતમાં નામના અપાવી. લીમકા બુક ઓફ રેકોર્ડ્સમાં એપ્લાય કર્યું. પાંચ વખત નામાંકન મળ્યું.






સૌજન્ય : સુરેખા દિનેહ શાહ, રમા હર્ષદ શાહ, ડૉ. કિશોરી પ્રફુલ શાહ

મુલાકાત : રત્ના પીયૂષ

# મુંબઈમાં ૧૯૧ વર્ષ પહેલાં શ્વાન માટે રમખાણો થયાં હતાં

મુંબઈના ઈતિહાસમાં જેની નોંધ છે એ શરૂઆતના રમખાણો શેના માટે થયા હશે એનો અંદાજ લગાડી શકો છો? ના, કોમી રમખાણો તો બહુ પછીથી થયા, પાણીની સમસ્યા કે લોકલ ટ્રેનોની શિરોવેદના પણ બહુ મોડી શરૂ થઈ. તો પછી, મુંબઈમાં રમખાણ કે ધમાલ થવાનું કારણ શું હોઈ શકે? ઈતિહાસમાં જેની નોંધ છે એવા પહેલા રમખાણો બૉમ્બેમાં બ્રિટિશ સત્તાવાળાઓ સામે સૌમ્ય અને મૃદુ પારસી પ્રજાએ કર્યા હતા. હવે, કારણ જાણવાની તાલાવેલી વધી જ હશે? તો, જાણી લો કે મુંબઈમાં શ્વાનો, રસ્તે રખડતાં શ્વાનો માટે પારસી પ્રજા રસ્તા પર ઊતરી આવી હતી, એ પણ આજથી પૂરાં ૧૯૧ વર્ષ પહેલાં. બૉમ્બેના ઈતિહાસમાં આ રમખાણોની નોંધ ડૉગ રાયટ્સ ઑફ ૧૮૩૨ તરીકે મળી આવે છે. રમખાણો, એ પણ શ્વાન માટે, અને એ પણ પાછા રસ્તે રખડતાં શ્વાનો માટે?

**આશિષ ભીન્ડે**

વાત છે, ૧૮૩૨ના મે મહિનાની. મેજિસ્ટ્રેટ ઑફ પોલીસ (બૉમ્બે)એ વર્ષ ૧૮૧૩માં જારી કરાયેલા એક કાનૂનને વિસ્તારવાનો નિર્ણય લીધો. શું હતો આ કાયદો? ઈન્ડિયન પરિહા ડૉગ્સ એટલે કે દેશી શ્વાનને દર વર્ષે એપ્રિલથી મે અને સપ્ટેમ્બરથી ઑક્ટોબર મહિનાઓ દરમિયાન જાહેર તથા સરકારી સંપત્તિઓમાં મારી નાખવાની છૂટ આ કાયદો આપતો હતો. શહેરમાં રખડતા અને હડકવા ધરાવતા શ્વાનોની વધતી અનિયંત્રિત સંખ્યા પર અંકુશ લાવવા માટે આ કાયદો ઘડાયો હતો. તકલીફ એ હતી કે, આ કાયદાનો અમલ જે પહેલા પંદરમી એપ્રિલથી પંદરમી મે સુધી હતો, તે હવે વિસ્તારીને પંદરમી મેથી પંદરમી જૂન સુધી કરાયો હતો. કહેવાય છે કે, કાયદાના આ વિસ્તરણને પગલે ખાસ ડૉગ કિલર્સની નિમણૂંક કરાઈ હતી અને એક રખડુ શ્વાન મારવાના તેમને ચાર આના મળતા. રોકડ ઈનામની લાલચમાં આ ડૉગ કિલર્સે કનડગત ન કરતા અને જેમને હડકવા ન હોય એવા શ્વાનોનો સંહાર પણ શરૂ કર્યો. એક જગ્યાએ એવો પણ ઉલ્લેખ મળે છે કે, કેટલાક ડૉગ કિલર્સ લોકોના ઘરોમાં ઘૂસી પાળેલાં શ્વાનોને પણ મારી નાખતા. શ્વાનોનો ત્રાસ હતો એ વાત સાચી પણ આ રીતે તેમના નિકંદનને લઈને લોકોમાં અરેરાટી પણ ફેલાઈ હતી.


જૂન મહિનો આવતાં આ પરિસ્થિતિએ ગંભીર રૂપ લઈ લીધું કેમ કે, ઝોરાષ્ટ્રીયન ધર્મમાં શ્વાનનું આગવું મહત્ત્વ છે, તેમને બહિશ્ત એટલે કે સ્વર્ગના દ્વારપાળ ગણવામાં આવે છે અને આજે પણ પારસીઓમાં મરણ થાય એ પછી સગદિદની પ્રથા છે. સગ એટલે શ્વાન અને દિદ એટલે નજર કે દૃષ્ટિ. એવું માનવામાં આવે છે કે, મરહુમ વ્યક્તિના શબ પર શ્વાનની દૃષ્ટિ પડવી જોઈએ. પહેલાના કાળમાં કોઈ વ્યક્તિનું મૃત્યુ થયું છે કે કેમ એ જાણવા માટે પારસીઓ શબ પાસે શ્વાનને લઈ આવતા. શ્વાન એકીટશે શબને જોયા કરે તો સમજવું કે વ્યક્તિમાં હજી જીવ છે અને જોઈને તે નજર ફેરવી લે એટલે સમજવું કે વ્યક્તિનું અવસાન થયું છે. એટલું જ નહીં, એથિરામ-ઈ સગ એટલે કે શ્વાન માટે મોટું માન એવી શીખ તેમનાં ધર્મગ્રંથો આપે છે. પવિત્ર ગ્રંથ અવેસ્તામાં તો શ્વાનના ગુણો વિશે વિસ્તારપૂર્વક જણાવવામાં આવ્યું છે. છઠ્ઠી જુને પારસીઓનો પવિત્ર દિવસ હોવાથી તેમણે પોલીસને વિનંતી કરી કે, શ્વાનોની કતલ અટકાવો. પણ પોલીસે તેમની વાત કાને ધરી નહીં. ખાસ કરી ને બૉમ્બેના ફોર્ટ વિસ્તારના પારસીઓનો પિત્તો શ્વાનોનું રાઉન્ડિંગ અપ અટક્યું ન હોવાથી ગયો હતો.

આમ તો પારસીઓ બ્રિટિશરોની નજીક ગણાતા, પણ આ બાબતમાં કાં તો તેમણે પારસી કોમના ગુસ્સાને હળવાશથી લીધો કાં તો તેમણે ધાર્યું હશે કે, પારસીઓ કરી કરી ને શું કરી લેશે? છઠ્ઠી જૂનને બપોરે ફોર્ટ વિસ્તારમાં પોલીસે શ્વાનોને પકડવાનું કામ શરૂ કર્યું. પારસીઓએ વિરોધ કર્યો, પણ પોલીસે વાત કાને ધરી નહીં. જોતજોતામાં ૨૦૦ પારસીઓનું ટોળું રસ્તા પર એકઠું થઈ ગયું. વાત જરાક વણસી અને બાવાજીઓએ બે કૉન્સ્ટેબલને થોડી ધોલધપાટ કરી. જવાબમાં પોલીસે પણ કરડાકીનો ઉપયોગ કર્યો અને વિસ્તારમાં તણાવ ફેલાવા લાગ્યો. દુકાનો ધડાધડ બંધ થવા લાગી, બંદર-ગોદીનું કામ અટકી ગયું. બ્રિટિશરોને હજી અંદાજ આવ્યો નહોતો કે મૃદુ પારસીઓનો મિજાજ ખરેખર બગડ્યો છે, બીજા દિવસે હડતાળ માટે તૈયારીઓ શરૂ થવા લાગી હતી. પારસીઓ સાથે હિન્દુઓ, જૈનો અને મુસ્લિમોએ પણ બંધમાં જોડાયા અને વિરોધ પ્રદર્શન કરનારાઓની સંખ્યા પાંચસો સુધી પહોંચી ગઈ. વિરોધ હતો, ગુસ્સો હતો અને પ્રદર્શન પણ કરવાનું હતું, પણ શિસ્તપ્રિય પારસીઓએ ક્યાંય પરિસ્થિતિ હાથની બહાર જવા દીધી નહીં, કોઈ તોડફોડ કે હિંસા નહીં અને આમ છતાં રમખાણ? એ સમયના બૉમ્બે કુરિયરમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ મુજબ, પારસીઓને જ્યારે ખબર પડી કે, બ્રિટિશરોએ મુંબઈના કિલ્લામાં દળોની હિલચાલ વધારી છે, ત્યારે પારસીઓએ સામાન ઉપાડનારાઓ મજૂરોને કામ પર જતાં રોક્યા, આના કારણે કિલ્લામાં દળો માટેનો પાણી તથા ભોજનનો પુરવઠો અટકી ગયો. સાંજ પડતાં બ્રિટિશરોએ દળોને ફોર્ટ વિસ્તારમાં મોકલ્યા અને રાયટ ઍક્ટ મોટેથી વાંચી સંભળાવવામાં આવ્યો, ટોળું ધીરે ધીરે વિખેરાવા લાગ્યું અને આ પ્રદર્શનના અગ્રણીઓની ધરપકડ કરવામાં આવી. શહેરમાં ફરીથી જનજીવન સામાન્ય થાય એ માટે બ્રિટિશરોએ પારસી અગ્રણીઓ સાથે બેઠક બોલાવી. સર બેરોનેટ જમસેદજી જીજીભોયના નેતૃત્વ હેઠળ એક પ્રતિનિધિમંડળ મૅજિસ્ટ્રેટને મળ્યું અને શ્વાનોને મારવાને બદલે તેમને પકડવાની વિનંતી કરી. બ્રિટિશરોએ એક તો કાયદો પાછો ખેંચવાની અને બીજું શ્વાનોને પકડવાની દરખાસ્ત માન્ય રાખી.




કર્ટ્સી : 'માય સિટી, માય ડૉગ્સ', અબોધ અરાસ, સુમેધ શાહ, હાશિમ બદાણી

આ રમખાણોને પગલે મુંબઈમાં પાંજરાપોળની સ્થાપના થઈ. સામાન્યપણે પાંજરાપોળમાં વસુકી ગયેલી કે ઈજાગ્રસ્ત ગાયોને સાચવવામાં આવે છે. પણ, ધ બૉમ્બે પાંજરાપોળ ટ્રસ્ટની સ્થાપના શહેરનાં શ્વાનોના આશ્રયસ્થાન તરીકે કરવામાં આવી. સર જમશેતજી જીજીભોય અને તેમના ભાગીદાર શેઠ મોતીચંદ અમીચંદને પારસી દાનવીર હોરમસજી વાડિયાનો સાથ મળ્યો અને સી પી તળાવ નજીક કાવસજી પટેલની મદદથી જમીનનો એક ટુકડો મેળવ્યો અને ૧૮૩૪માં પાંજરાપોળ બનીને તૈયાર થઈ. સી.પી. ટેન્ક તરીકે ઓળખાતા વિસ્તારમાં કાવસજી પટેલની જમીન હતી, તેમાંથી તેમણે પાંજરાપોળ માટે પ્લોટ દાનમાં આપ્યો. આ પાંજરાપોળમાં શ્વાનોને દૂધ મળે એ માટે ગાયો વસાવવામાં આવી પણ પછી જગ્યા ઓછી પડવા લાગી એટલે ટ્રસ્ટે ભિવંડી ખાતેની જગ્યામાં તેમને સ્થળાંતરિત કર્યા. આજે પાંજરાપોળમાં મોટી સંખ્યામાં ગાયો છે, આ ઉપરાંત તરછોડી મૂકાતાં અન્ય પ્રાણીઓને પણ અહીં આશ્રય મળે છે, જેમાં બતક, સસલાં તથા અન્ય જીવોનો સમાવેશ થાય છે. આજે ભુલેશ્વરમાં પાંજરાપોળ નામની ગલીઓમાં ઠાકોરજીનાં વાઘાં, શણગાર અને મૂર્તિઓની દુકાનો છે અને બહારની વ્યક્તિને કદાચ પહેલી નજરે ખબર પણ ન પડે એ વિસ્તારનું નામ પાંજરાપોળ છે, પણ ગાયોને ક્યાં રાખી હશે?




આ રમખાણોના પગલે બે બાબતો થઈ. એક તો બ્રિટિશરોએ નવી નીતિ અપનાવી બૉમ્બેમાં પકડેલા શ્વાનને શહેરની હદની બહાર છોડવાનું શરૂ થયું. બીજી બાબત અંગે એવું માનવામાં આવે છે કે, આ ડૉગ રાયટને પારસીઓનું કાવતરું ગણી તેમણે બૉમ્બેમાં પારસીઓના વર્ચસ-દબદબાને ઘટાડવા માટે અન્ય કોમના લોકોને બહારથી લાવી વસાવવાનું શરૂ કર્યું. પારસીઓનું ચલણ ઘટાડવાના પ્રયાસ છતાં મુંબઈના ઈતિહાસ સાથે, મોટા ભાગની શૈક્ષણિક, તબીબી અને અન્ય સંસ્થાઓ અને શહેરના માર્ગો સાથે આ કોમનું નામ એવું નક્કર જોડાઈ ગયું છે કે, આવનારી સદીઓ સુધી આવો કોઈ પ્રયાસ સફળ નહીં થાય અને જીવદયા માટે રમખાણ પણ એ પછી કોઈએ મુંબઈમાં કર્યા નથી.

## શ્વાનના શિલ્પવાળી ઇમારત તમે જોઈ છે?



ઘોડા કે હાથી અને ફૉર ધેટ મેટર ઊંટના બાવલાં, પ્રતિમાઓ કે મોટિફ મુંબઈની અનેક ઈમારતોમાં કે શિલ્પોમાં જોવા મળે છે. પણ શું તમે શ્વાનનું શિલ્પ જોયું છે? અગેઈન, શ્વાનના શિલ્પ સાથે પારસી કનેક્શન છે. હઝારીમલ સોમાણી માર્ગ પર એલેક્ઝાન્ડ્રા સ્કૂલની લાઈનમાં અને બૉમ્બે જીમખાનાના પ્રવેશદ્વારની સામેની બાજુએ એક સોહામણી બ્રિટિશ-કાલીન ઈમારત છે, જેમાં અત્યારે તો વિવિધ કૉર્પોરેટ ઑફિસીસ છે. ઍસ્પ્લેનેડ હાઉસ નામની આ ઈમારત એક કાળે તાતા પરિવારનું નિવાસસ્થાન હતું. આ ઈમારતના ગેટની બાજુમાં વૉચમેનની કેબિન છે અને તેની ઉપરની તરફ સૅન્ટ બર્નાર્ડ પ્રજાતિની લાઈફસાઈઝ પ્રતિમા છે. ૧૮૮૦ના દાયકામાં નસરવાનજી તાતા અને તેમના પુત્ર જમશેદજીએ ત્યારે વુડબાય રોડ તરીકે ઓળખાતા રસ્તા પર ત્રણ પ્લૉટ ભેગા કરી તેના પર નિવાસસ્થાન બાંધવાનું નક્કી કર્યું. સ્કવૅર ફૂટ દીઠ પચીસથી ત્રીસ રૂપિયાના દરે ૯૯ વર્ષની લીઝ પર લેવાયેલા આ પ્લૉટનું ખાતમૂહુર્ત તો નસરવાનજીની હયાતીમાં થયું હતું, પણ તેમના અવસાન પછી જમશેદજીએ બાંધકામ પૂરું કરાવ્યું. આ હાઉસની વિશિષ્ટતાઓમાં કન્સિલ્ડ વાયરિંગ અને લિફ્ટ ધરાવતી મુંબઈની પહેલી ખાનગી ઈમારત હતી. આ ઉપરાંત તેના બાંધકામના પ્લાન્સ યુરોપમાં બન્યા હતા અને મેસર્સ ગોસ્ટલિંગ અને મોરિસ નામના આર્કિટેક્ટ્સે આ મકાન બાંધ્યું હતું. યુરોપીયન શૈલીની આ ઈમારત બાંધવા તથા તેની સજાવટ પાછળ ૧૮૮૭ના કાળમાં છ લાખ રૂપિયા ખર્ચાયા હતા. ઍસ્પ્લેનેડ હાઉસમાં બે ઈમારતો છે, ગ્રાઉન્ડ પ્લસ ટુનું મુખ્ય બિલ્ડિંગ અને પાછળની તરફ ભોંયતળિયે ઘોડાના તબેલા અને ઉપરની તરફ સ્ટાફની રહેવાની વ્યવસ્થા હતી. આ સંકુલમાં ફુવારા, પૂતળાઓ કળાકૃતિઓ હતી, જે બગીચાની સુંદરતા વધારતી હતી. વૉચમેનની કેબિનની ઉપરની તરફ ચાંપતી નજરે જોઈ રહેલા સૅન્ટ બર્નાર્ડ પ્રજાતિના શ્વાનનું પૂતળું છે, જેના ગળામાં લાકડાની ચાવી બાંધેલી જોઈ શકાય છે. તાતા પરિવારના લાડકા શ્વાનની યાદમાં આ બાવલું મૂકવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે.

આર.આઈ.એલ.-જામનગર : વિશ્વનું સૌથી વિશાળ રિફાઈનિંગ મથક



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી દૈનિક ૧.૨૪ મિલિયન બેરલ ક્ષમતા ધરાવતી રિફાઈનરી વિશ્વની એક જ સ્થળે આવેલી સૌથી મોટી રિફાઈનરી તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ રિફાઈનરી વિવિધ પ્રકારના ક્રૂડના શુદ્ધિકરણની ક્ષમતા ધરાવે છે અને તે પણ વિશ્વભરમાં સૌથી ઓછી કિંમતે. આ સંકુલનો ઝડપી વિકાસ જ ભારતના પરિવર્તનના કેન્દ્રમાં રહેલો છે. આ રિફાઈનરી સ્થપાતા ભારત પેટ્રોલિયમ ઉત્પાદનોના આયાતકારમાંથી તેનું નિકાસકાર બન્યું અને તે રીતે દેશની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત બની. આર.આઈ.એલ. વિશ્વના સૌથી મોટા સંકલિત પેટ્રોરસાયણ ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે અને તેનું લક્ષ્ય વિશ્વના ટોચની પાંચ સૌથી નફાકારક કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે.

સુનિશ્ચિત કરે છે દેશની ઊર્જા સુરક્ષા

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
વૃદ્ધિ એ જ જીવન

Best Wishes to Janmabhoomi Group of Newspapers for its 90th Anniversary

IMC
Chamber of Commerce and Industry



Enroll as a New Member for the year 2023-24

About IMC
- **Established in 1907** and having its headquarters in Mumbai
- **Voice of Business** within the State and Central Government
- Connected to more than **150 Chambers / Associations** representing over **4,00,000 businesses**
- **Strong relations** with Foreign Diplomatic corps based in Mumbai and Delhi
- Promoting bilateral trade through linkages with over **150 MoUs with Chamber in 50 countries**

Benefits
- Participate in various **high-level business delegations**
- Numerous opportunities to **network** and **promote** your business
- Online IMC **Membership** portal
- Access to **23 expert** committees across all important sectors
- **100 plus** IMC Seminars/ Workshops/Conferences/ Training
- Timely industry **insights** and **up-to-date** policy information

Help Desks
- **MSME** Help Desk
- **International** Help Desk
- **Indo-Africa** Desk
- **India-Japan Bilateral** Business Forum

Discounts
- Venues with **state-of-the-art** logistic facilities at concessional rates for members
- Discount of **Certificate of Origin Services** of IMC
- Free Access to **IMC Library**

Website: www.imcnet.org | Email id: membership@imcnet.org | Phone no: 022 7122 6633

IMC Bldg., IMC Marg, Churchgate, Mumbai 400020
616/617, The Commodity Exchange Bldg, IMC Marg, Sector 19A, Vashi, Navi Mumbai 400705
405, Centre Square, A-Wing, 4th Floor, S. V. Road, Andheri (W) Mumbai 400058
16A, 16th Floor, Atma Ram House, 1-Tolstoy Marg, New Delhi 110001